# રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧, ગાંધીનગર

"શિક્ષક યોગ્યતા કસોટી-II (TET-II)-૨૦૨૨ જાહેરનામું"

"Teacher Eligibility Test-II (TET-II)-2022 Notification"

જાહેરનામાં ક્રમાંક:રાપબો /TET-II /૨૦૨૨/૯૬૨૩-૯૭૦૯ તા:૧૭/૧૦/૨૦૨૨

શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક, તા:૨૭-૦૪-૨૦૧૧ તથા તા:૧૪-૦૭-૨૦૧૧, તા:૦૩-૦૫-૨૦૧૨, તા:૧૮-૦૫-૨૦૧૨ અને તા.૧૫/૧૦/૨૦૨૨ના સરખા ક્રમાંકના સુધારા ઠરાવ તથા તેમાં થયેલ વખતોવખતના સુધારાથી જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓ/ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની નિમણૂંક માટેના ધારા-ધોરણો નિયત થયેલ છે.

શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : પીઆરઇ-૧૧૧૧-૭૧૧-ક, તા:૨૭-૪-૨૦૧૧ થી ઉચ્ચ પ્રાથમિક શાળા(ધોરણ ૬ થી ૮)માં પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક તરીકે નિમણૂંક મેળવવા માટેની જરૂરી લાયકાત મેળવવા આવશ્યક "શિક્ષક યોગ્યતા કસોટી-II" યોજવા માટે પરીક્ષા રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને અધિકૃત કરવામાં આવેલ છે.

ઉચ્ચ પ્રાથમિક શાળા(ધોરણ ૬ થી ૮)માં પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક તરીકે નિમણૂંક મેળવવા માટેની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે શિક્ષક યોગ્યતા કસોટી-II-૨૦૨૨ (Teacher Eligibility Test-II-2022) રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા યોજવા આથી જાહેરનામું બહાર પાડવામાં આવે છે. સદર કસોટી/પરીક્ષાનું આયોજન રાજ્ય પરીક્ષા બોર્ડના સંચાલન હેઠળ નક્કી કરેલ જિલ્લાઓમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ મારફતે કરવામાં આવશે.

❖ શિક્ષક યોગ્યતા કસોટી-II (TET-II) નો કાર્યક્રમ:

| ક્રમ | વિગત | તારીખ/સમયગાળો |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડવાની તારીખ | ૧૭/૧૦/૨૦૨૨ |
| ૨ | વર્તમાનપત્રોમાં કસોટી અંગે જાહેરાત પ્રસિદ્ધ થવાની તારીખ | ૧૮/૧૦/૨૦૨૨ |
| ૩ | ઉમેદવારો માટે રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન ભરવાનો સમયગાળો | ૨૧/૧૦/૨૦૨૨ થી ૦૫/૧૨/૨૦૨૨ |
| ૪ | નેટ બેંકીંગ મારફત ફી સ્વીકારવાનો સમયગાળો | ૨૧/૧૦/૨૦૨૨ થી ૦૬/૧૨/૨૦૨૨ |
| ૫ | લેટ ફી ભરવાનો સમયગાળો | ૦૭/૧૨/૨૦૨૨ થી ૧૨/૧૨/૨૦૨૨ |
| ૬ | પરીક્ષાનો સંભવિત માસ | ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૩ |

❖ લેટ ફી:

જે ઉમેદવારોને નિયત સમયગાળામાં ફી ભરવાની રહી ગઈ હોય તેવા ઉમેદવારોએ તા:૦૭/૧૨/૨૦૨૨ થી તા:૧૨/૧૨/૨૦૨૨ દરમ્યાન નિયત કરેલ પરીક્ષાની ફી (લેટ ફી રૂ!.૨૦૦/- સહિત) ઓનલાઈન ભરી શકાશે.

- **શૈક્ષણિક લાયકાતની વિગતો:**

ઉચ્ચ પ્રાથમિક શાળા(ધોરણ ૬ થી ૮)માં પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક તરીકે નિમણૂંક મેળવવા માટે મૂળ ઠરાવથી નિયત કરેલ અને તેમાં વખતોવખત થયેલ સુધારા-વધારા મુજબની શૈક્ષણિક લાયકાત અને અન્ય જોગવાઇ/શરતો પરિપૂર્ણ કરતા ઉમેદવારો જ શિક્ષક યોગ્યતા કસોટી-II માં ઉપસ્થિત થઇ શકશે.

શૈક્ષણિક લાયકાત તેમજ વયમર્યાદાની વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે. રાજ્ય પરીક્ષા બોર્ડ ફી ભરેલ તમામ ઉમેદવારોને પરીક્ષામાં બેસવા તક આપશે. તેથી પરીક્ષા આપતા પાસ થવાથી ભરતી માટે લાયક ગણી શકાશે તેવો દાવો કરી શકાશે નહી. આ અંગે ભરતી સમિતિ જે નિર્ણય લે તે આખરી ગણાશે.

- **ઉચ્ચ પ્રાથમિક (ધોરણ ૬ થી ૮)**

**(અ) ગણિત/વિજ્ઞાન:**

1. શૈક્ષણિક લાયકાત : બી.એસસી.-કોઈ પણ મુખ્ય વિષય સાથે અને
   તાલીમી લાયકાત : પી.ટી.સી./ D.El.Ed (બે વર્ષ)

   અથવા

   શૈક્ષણિક લાયકાત: ઓછામાં ઓછા ૪૫% ગુણ સાથે બી.એસસી.-કોઈ પણ મુખ્ય વિષય સાથે અને
   તાલીમી લાયકાત : બી.એડ.(એક/બે વર્ષ)

   અથવા

   શૈક્ષણિક લાયકાત : ધોરણ-૧૨(એચ.એસ.સી.) વિજ્ઞાન પ્રવાહમાં ઓછામાં ઓછા ૫૦ % ગુણ અને
   તાલીમી લાયકાત : ચાર વર્ષીય બેચરલ ઇન એલીમેન્ટરી એજ્યુકેશન(B.El.Ed)

   અથવા

   શૈક્ષણિક લાયકાત : ધોરણ-૧૨(એચ.એસ.સી.) વિજ્ઞાન પ્રવાહમાં ઓછામાં ઓછા ૫૦ % ગુણ અને
   તાલીમી લાયકાત : ચાર વર્ષીય બી.એસસી. એજ્યુકેશન(B.Sc.Ed.)

   અથવા

   શૈક્ષણિક લાયકાત : ઓછામાં ઓછા ૫૦ % ગુણ સાથે બી.એસસી.-કોઈ પણ મુખ્ય વિષય સાથે અને
   તાલીમી લાયકાત : એક વર્ષીય બી.એડ.(સ્પેશીયલ એજ્યુકેશન)

**(બ) ભાષાઓ :**

1. શૈક્ષણિક લાયકાત : બી.એ.(અંગ્રેજી/ગુજરાતી/હિન્દી/સંસ્કૃત)/બી.આર.એસ.(અંગ્રેજી/ગુજરાતી/હિન્દી/સંસ્કૃત)/બી.એસ.એસસી.(અંગ્રેજી/ગુજરાતી/હિન્દી/સંસ્કૃત) અને
   તાલીમી લાયકાત : પી.ટી.સી./ D.El.Ed (બે વર્ષ)

   અથવા

   શૈક્ષણિક લાયકાત : ઓછામાં ઓછા ૪૫ % ગુણ સાથે બી.એ.(અંગ્રેજી/ગુજરાતી/હિન્દી/સંસ્કૃત)/બી.આર.એસ.(અંગ્રેજી/ગુજરાતી/હિન્દી/સંસ્કૃત)/બી.એસ.એસસી.(અંગ્રેજી/ગુજરાતી/હિન્દી/સંસ્કૃત) અને
   તાલીમી લાયકાત : બી.એડ.(એક/બે વર્ષ)

   અથવા

   શૈક્ષણિક લાયકાત : ધોરણ-૧૨(એચ.એસ.સી.) ઓછામાં ઓછા ૫૦ % ગુણ અને
   તાલીમી લાયકાત : ચાર વર્ષીય બેચરલ ઇન એલીમેન્ટરી એજ્યુકેશન(B.El.Ed)

   અથવા

શૈક્ષણિક લાયકાત : ધોરણ-૧૨(એચ.એસ.સી.) ઓછામાં ઓછા ૫૦ % ગુણ અને

તાલીમી લાયકાત : ચાર વર્ષીય બી.એ.(અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત) એજ્યુકેશન (B.A.Ed.)

અથવા

શૈક્ષણિક લાયકાત : ઓછામાં ઓછ ૫૦% ગુણ સાથે બી.એ.(અંગ્રેજી/ગુજરાતી/હિન્દી/સંસ્કૃત)/ બી.આર.એસ.(અંગ્રેજી/ગુજરાતી/હિન્દી/સંસ્કૃત)/બી.એસ.એસસી.(અંગ્રેજી/ ગુજરાતી/હિન્દી/સંસ્કૃત) અને

તાલીમી લાયકાત : એક વર્ષીય બી.એડ. (સ્પેશીયલ એજ્યુકેશન)

## (ક) સામાજિક વિજ્ઞાન :

1. શૈક્ષણિક લાયકાત : બી.એ.(ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન જેવા વિષય સાથે)/બી.આર.એસ.(ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર., અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન જેવા વિષય સાથે)/બી.એસ.એસસી. (ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન જેવા વિષય સાથે)/ બી.કોમ.(અર્થશાસ્ત્ર વિષય સાથે) અને

   તાલીમી લાયકાત : પી.ટી.સી./D.El.Ed(બે વર્ષ)

અથવા

શૈક્ષણિક લાયકાત : ઓછામાં ઓછ ૪૫ % ગુણ સાથે બી.એ.(ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન જેવા વિષય સાથે)/બી.આર.એસ.(ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર., અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન જેવા વિષય સાથે)/બી.એસ.એસસી. (ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન જેવા વિષય સાથે)/બી.કોમ.(અર્થશાસ્ત્ર વિષય સાથે) અને

તાલીમી લાયકાત : બી.એડ.(એક/બે વર્ષ)

અથવા

શૈક્ષણિક લાયકાત : ધોરણ-૧૨(એચ.એસ.સી.) ઓછામાં ઓછા ૫૦% ગુણ અને

તાલીમી લાયકાત : ચાર વર્ષીય બેચરલ ઇન એલીમેન્ટરી એજ્યુકેશન(B.El.Ed)

અથવા

શૈક્ષણિક લાયકાત : ધોરણ-૧૨(એચ.એસ.સી.) ઓછામાં ઓછા ૫૦% ગુણ અને

તાલીમી લાયકાત : ચાર વર્ષીય બી.એ.(ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન જેવા વિષય સાથે)/બી.આર.એસ.(ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર., અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન જેવા વિષય સાથે)/બી.એસ.એસસી. (ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન જેવા વિષય સાથે)/બી.કોમ.(અર્થશાસ્ત્ર વિષય સાથે) એજ્યુકેશન(B.A.Ed./B.Com.Ed./ B.R.S.Ed/B.S.Sc.Ed)

અથવા

શૈક્ષણિક લાયકાત : ઓછામાં ઓછા ૫૦% ગુણ સાથે બી.એ.(ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન જેવા વિષય

સાથે)/બી.આર.એસ.(ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર., અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન જેવા વિષય સાથે)/બી.એસ.એસસી. (ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન જેવા વિષય સાથે)/બી.કોમ.(અર્થશાસ્ત્ર વિષય સાથે) અને

તાલીમી લાયકાત : એક વર્ષીય બી.એડ. (સ્પેશીયલ એજ્યુકેશન)

❖ નોંધ:

- નામ. હાઇકોર્ટના ચૂકાદાઓ અનુસાર જાહેરનામામાં દર્શાવેલ લઘુત્તમ લાયકાતની ટકાવારીમાં SC, ST, SEBC, શારીરિક ખોડખાપણવાળા ઉમેદવારોને ૫% સુધીની છુટછાટ આપવામાં આવે છે. એટલે કે જ્યાં ઓછામાં ઓછા ૫૦% પાત્રતા હોઇ ત્યાં ૪૫%(૪૪.૫% કે તેથી વધુ ગુણ) અને ૪૫% પાત્રતા હોઇ ત્યાં ૪૦%(૩૯.૫% કે તેથી વધુ ગુણ) વાળા ઉક્ત કેટેગરીના ઉમેદવારો પરીક્ષાના ફોર્મ ઓનલાઇન ફોર્મ ભરી શકશે.
- વયમર્યાદા તેમજ શૈક્ષણિક લાયકાત બાબતે ભરતી સમિતિ જે નિર્ણય લેશે તે આખરી ગણાશે.
- આ પરીક્ષાની પધ્ધતિ અને બાકીની સુચનાઓ પરીક્ષા પહેલા સરકારશ્રીના વખતોવખતના ઠરાવો, સુચનાઓ અને જોગવાઈઓને આધિન રહેશે.

❖ કસોટીનું માળખુ:

- આ કસોટી બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી સ્વરૂપની (Multiple Choice Question Based-MCQS) રહેશે.
- આ કસોટી બે વિભાગમાં રહેશે. વિભાગ-૧ માં ૭૫ પ્રશ્નો તથા વિભાગ-૨ માં ૭૫ પ્રશ્નો રહેશે.
- આ કસોટીના બંન્ને વિભાગ અને તમામ પ્રશ્નો ફરજીયાત રહેશે. આ કસોટીના બંન્ને વિભાગનું સળંગ એક જ પ્રશ્નપત્ર રહેશે.
- આ કસોટીમાં વિવિધ હેતુલક્ષી કુલ ૧૫૦ પ્રશ્નો માટેના પ્રશ્નપત્રનો સળંગ સમય ૧૨૦ મિનીટનો રહેશે.
- ગણિત-વિજ્ઞાન, ભાષાઓ અને સામાજિક વિજ્ઞાન એમ ત્રણ વિષયની કસોટી માટે વિભાગ-૨ અલગ અલગ રહેશે.
- ભાષાના પ્રશ્નપત્રમાં પ્રશ્નનંબર:૧૩૬ થી ૧૫૦ ના પ્રશ્નો સંસ્કૃત ભાષા, મરાઠી ભાષા અને ઉર્દુ ભાષાના રહેશે. જે પૈકી ઉમેદવારે કોઇ એક ભાષાના ૧૫ પ્રશ્નો (પ્રશ્નનંબર:૧૩૬ થી ૧૫૦)ના જવાબ આપવાના રહેશે.
- દરેક પ્રશ્નનો એક ગુણ રહેશે.
- આ કસોટીઓના મુલ્યાંકનમાં કોઇ નકારાત્મક મુલ્યાંકન રહેશે નહી.
- પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક: પીઆરઈ/૧૧૧૧/૭૧૧/ક, તા:૨૭/૦૪/૨૦૧૧ માં જણાવ્યા અનુસાર રહેશે. (ઠરાવની નકલ આ સાથે સામેલ છે.)
- નોંધ: આ પરીક્ષાનું માળખુ, પરીક્ષા પધ્ધતિ અને બાકીની સુચનાઓ પરીક્ષા પહેલા સરકારશ્રીના વખતોવખતના ઠરાવો, સુચનાઓ અને જોગવાઈઓને આધિન રહેશે.

❖ પરીક્ષા ફી:

- SC, ST, SEBC, PH કેટેગરીના ઉમેદવારો માટે પરીક્ષા ફી 250/- (બસો પચાસ પુરા) જ્યારે સામાન્ય કેટેગરીના ઉમેદવારો માટેની પરીક્ષા ફી 350/- (ત્રણસો પચાસ પુરા) ભરવાની રહેશે. આ ઉપરાંત સર્વિસ ચાર્જ અલગથી રહેશે.

- કોઇપણ સંજોગોમા ભરેલ ફી પરત કરવામા આવશે નહિ.

❖ <u>ફી ભરવાની પધ્ધતિ:</u>

  - ઉમેદવાર ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા ATM CARD/NET BANKING થી પરીક્ષા ફી ભરી શકશે. ઓનલાઇન ફી જમા કરાવવા માટે "Print Application/Pay Fees" ઉપર ક્લીક કરવું અને વિગતો ભરવી. ત્યાર બાદ "Online Payment" ઉપર ક્લીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં "Net Banking of fee" અથવા "Other Payment Mode" ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઇ ગઇ છે તેવું screen પર લખાયેલું આવશે. અને e-receipt મળશે જેની પ્રિન્ટ કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઇ ખામી હશે તો screen પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.
  - ઓનલાઇન ફી ભરનાર ઉમેદવારે જો તેના બેંક ખાતામાંથી ફીની રકમ કપાયા બાદ ફીની e-receipt જનરેટ ન થઇ હોય તો તેવા ઉમેદવારોએ તાત્કાલિક રાજ્ય પરીક્ષા બોર્ડનો ઇ-મેલ (gseb21@gmail.com) થી સંપર્ક કરવાનો રહેશે.

❖ <u>પરીક્ષા કેન્દ્ર:</u>

- પરીક્ષા માટે નોંધાયેલ ઉમેદવારોની સંખ્યા તથા પરીક્ષાલક્ષી વહીવટી અનુકૂળતા અનુસાર રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા કસોટી/પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવશે. ઉમેદવારે બોર્ડ દ્વારા ફાળવવામાં આવેલ પરીક્ષા કેન્દ્ર પર સ્વખર્ચે પરીક્ષા આપવા ઉપસ્થિત રહેવાનું રહેશે.

❖ <u>પ્રશ્નપત્રના માધ્યમ:</u>

- શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક: પીઆરઈ-૧૧૧૨-સીંગલ ફાઇલ-૭-ક, તા:૨૬/૦૪/૨૦૧૨ માં નિયત થયા મુજબ આ કસોટી ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી  એમ ત્રણ માધ્યમમાં લેવાશે. (ઠરાવની નકલ આ સાથે સામેલ છે.)
- ઉમેદવાર જે માધ્યમમાં પરીક્ષા આપવા માટે નિયત લાયકાત ધરાવતા હોય તે માધ્યમમાં આવેદનપત્ર ભરવાનું રહેશે.
- ઉમેદવાર કોઇ એક જ માધ્યમ તેમજ ગણિત વિજ્ઞાન, ભાષાઓ અને સામાજિક વિજ્ઞાન પૈકીની એક જ પરીક્ષામાં બેસી શકશે.

❖ <u>અગત્યની સુચનાઓ:</u>

1. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ પછીથી વેબસાઈટ નિયમિત જોતા રહેવું આવશ્યક છે.
2. પરીક્ષા સંબંધી વિગતોથી સતત માહિતગાર થવા માટે **http://ojas.gujarat.gov.in** અને **http://www.sebexam.org** વેબસાઈટ જોતા રહેવાનું રહશે.
3. ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અંગે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ખરાઈ કરવામાં આવતી નથી. આથી વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ અન્ય વિગત માટે ઉમેદવાર પોતે જવાબદાર રહે છે.
4. આ કસોટી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આવેદનપત્ર ઓનલાઇન ભરાવવામાં આવે છે અને તેમાં જે માહિતી માંગેલ હોય તે માહિતીની વિગતો ઉમેદવાર દ્વારા છુપાવવામાં આવી હોય અથવા ખોટી માહિતી આપવાનું બોર્ડને માલુમ પડશે તો તેવા ઉમેદવારના પરિણામ રદ કરવાનો નિર્ણય અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ લેશે.

5. ઉમેદવારે પોતે ભરેલ ફોર્મની વિગત સાચી છે તેવું પ્રમાણપત્ર ઓનલાઈન આપવાનું રહેતુ હોઈ જો કોઈ ખોટી વિગત રજુ કરશે તો તેનુ ફોર્મ રદ થવા પાત્ર બનશે તથા તેની સામે ફોજદારી ગુનો બનશે.
6. વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ અન્ય વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે.
7. અનુસૂચિત જાતિના તેમજ અનુસૂચિત જનજાતિના કિસ્સામાં સક્ષમ અધિકારીનું જાતિ પ્રમાણપત્ર હોવું જરૂરી છે.
8. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે રાજય સરકારે નકકી કરેલા સક્ષમ અધિકારીનું સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનું જાતિ પ્રમાણપત્ર તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા:૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ અને આ અંગે વખતોવખતના ઠરાવ મુજબનું સક્ષમ અધિકારીનું ઉન્નતવર્ગમાં સમાવેશ થતો ન હોવાનું (નોન ક્રિમીલીયર સર્ટી) પ્રમાણપત્ર મેળવેલ હોવું જોઈએ.
9. શારિરીક અપંગતા(Physically Handicap) ના કિસ્સામાં રાજય સરકારે નકકી કરેલ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર હોવું જરૂરી છે.
10. ઉમેદવારે વેબસાઈટ પર ઓનલાઇન ભરેલ ફોર્મની પ્રિન્ટ કાઢી તે ફોર્મમાં સહી કરીને જરૂરી આધારો જેવા કે, પરીક્ષા ફી ભર્યાની પે સ્લીપ નકલ, જાતિ પ્રમાણપત્ર , ઉન્નતવર્ગમાં સમાવેશ થતો ન હોવાનું (નોન ક્રિમીલીયર સર્ટી) પ્રમાણપત્ર અને શારિરીક અપંગતા (Physically Handicap) અંગેનું પ્રમાણપત્ર પૈકી ઉમેદવારને લાગુ પડતા હોય તેવા આધારો પોતાની પાસે રાખવાના રહેશે. જ્યારે કોઈ જરૂરિયાત ઉપસ્થિત થાય ત્યારે ઉમેદવારે તે રજુ કરવાના રહેશે.
11. જે ઉમેદવારે નિયત પરીક્ષા ફીની પે સ્લીપની રસીદ મેળવેલ હશે તે જ ઉમેદવાર પોતાની કમ્પ્યુટરાઈઝ હોલટિકિટ પોતાનો કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખ નાખી ડાઉનલોડ કરી શકશે.
12. ઉમેદવારે હોલટિકિટ ડાઉનલોડ કર્યા બાદ તેની નીચે/પાછળ આપેલી સૂચનાઓનો વિગતવાર અભ્યાસ કરવો. હોલટીકીટ સાથે પરીક્ષા વખતે આપવામાં આવતી OMR શીટનો નમૂનો પણ વેબસાઈટ પર મુકવામાં આવશે. આ OMR શીટના નમૂના પર છાપેલ તમામ સૂચનાઓનો વિગતવાર અભ્યાસ કરવો ખૂબ જ જરૂરી છે. જેથી પરીક્ષા સમયે કોઈ ગુંચવણ ઊભી ન થાય.
13. આ કસોટીમાં જનરલ કેટેગરી માટે વિભાગ-૧ અને ૨ બંન્નેમાં મળી ઓછામાં ઓછા 60% (90 ગુણ) મેળવેલ હશે તો જ પાસ ગણાશે.
14. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને શારિરીક અપંગતા (Physically Handicap) ધરાવતા ઉમેદવારોના કિસ્સામાં વિભાગ-૧ અને ૨ બંન્નેમાં મળી ઓછામાં ઓછા 55% (82 ગુણ) મેળવેલ હશે તો જ પાસ ગણાશે.
15. આ કસોટીમાં માત્ર ઉત્તીર્ણ ઉમેદવારોને જ ગુણાંકન સાથેનું પ્રમાણપત્ર બોર્ડ દ્વારા આપવામાં આવશે.
    નોંધ: આ પરીક્ષાનું માળખુ, પરીક્ષા પધ્ધતિ અને બાકીની સુચનાઓ પરીક્ષા પહેલા સરકારશ્રીના વખતોવખતના ઠરાવો, સુચનાઓ અને જોગવાઈઓને આધિન રહેશે.
16. આ કસોટીના પ્રમાણપત્રની અવધિ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પીઆરઈ-૧૧૨૦૨૧-સિ.ફા.-૦૭-ક, તા:૨૨/૧૦/૨૦૨૧ મુજબની રહેશે. પરંતુ આ કસોટી આપવા માટે પ્રયત્નોની સંખ્યા નિયત કરવામાં આવતી નથી. ગમે તેટલા પ્રયત્નો આ કસોટી આપવા માટે માન્ય રહેશે. એક વખત કસોટી આપી દીધા પછી કોઇપણ ઉમેદવાર પોતાની ગુણાત્મક સુધારણા અને સારા મેરીટ માટે એક કરતાં વધુ વખત પરીક્ષા આપી શકશે અને તેવી સ્થિતિમાં ઉમેદવાર શિક્ષકની ભરતી માટે ટેટ-૨ની પરીક્ષા પાસ કર્યાનું જે પ્રમાણપત્ર રજુ કરશે તે ધ્યાનમાં લેવામાં આવશે.

17. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાઈ રહેલ આ કસોટી બાબતે ઉમેદવારોને લાલચ કે છેતરપીંડી આચરે તેવા અસામાજિક તત્વોથી સાવધ રહેવા જણાવવામાં આવે છે. કોઈપણ પ્રકારની લાગવગ/દબાણ લાવનાર ઉમેદવારને ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.
18. ઉકત જાહેરાત અન્વયે વધુ માહિતીની જરૂર જણાય તો કચેરીના ચાલુ કામકાજના દિવસે કચેરી સમય દરમિયાન બોર્ડની કચેરીના ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર 1800 233 7963 ઉપર સંપર્ક કરી શકાશે.
19. આ કસોટી ઉચ્ચ પ્રાથમિક શાળામાં પ્રાથમિક શિક્ષક/ વિદ્યાસહાયક તરીકે નિમણૂંક મેળવવા માટે જરૂરી લાયકાત પ્રાપ્ત કરવા માટેની છે, આ કસોટી પાસ કરવાથી પ્રાથમિક શિક્ષક/ વિદ્યાસહાયક તરીકે પસંદગી પામવાનો હક મળતો નથી.

❖ <u>ઓનલાઈન અરજી કરવાની રીત :</u>


- આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૨૧/૧૦/૨૦૨૨ (બપોરના ૧૪.૦૦ કલાક) થી તા:૦૫/૧૨/૨૦૨૨ (બપોરના ૧૫.૦૦ કલાક) દરમિયાન http://ojas.gujarat.gov.in પર ઓનલાઈન જ અરજીપત્રક સ્વીકારવામાં આવશે. ઉમેદવારે નિયત કરેલ ફોર્મ ઓનલાઈન ભરવા માટેની સૂચનાઓ નીચે મુજબની છે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે.
- અરજી ફોર્મ ચોકસાઈપૂર્વક online ભરવાનું રહેશે. <u>નામ, અટક, જન્મ તારીખ, જાતિ (કેટેગરી) કે અન્ય કોઈ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી.</u>
- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ http://ojas.gujarat.gov.in પર જવું.
- "Apply Online" પર Click કરવું.
- ઉમેદવાર ગુજરાતી માધ્યમ, અંગ્રેજી માધ્યમ અને હિન્દી માધ્યમ પૈકી જે માધ્યમમાં કસોટી આપવા માટે પાત્રતા ધરાવતા હોય તે માધ્યમ પસંદ કરી પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી-II(TET-II) નું ફોર્મ ભરવું.

  Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌ પ્રથમ Personal Details ઉમેદવારે ભરવી. (અહીં લાલ(*) કુંદડીની નિશાની જયાં હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)
- Educational Details ઉપર Click કરીને તેની વિગતો પૂરેપૂરી ભરવી.
- હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં Upload Photo પર Click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Ok પર Click કરો. અહી Photo અને Signature upload કરવાના છે.(ફોટાનું માપ 5 સે.મી. ઉંચાઈ અને 3.6 સે.મી. પહોળાઈ અને Signature નું માપ 2.5 સે.મી. ઉંચાઈ અને 7.5 સે.મી. પહોળાઈ રાખવી.) Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG format માં (10 kb) સાઈઝથી વધારે નહીં તે રીતે સોફ્ટકોપીમાં હોવા જોઈએ. Browse Button પર Click કરો. હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં JPG formatમાં તમારો Photo store થયેલ છે તે ફાઈલને Select કરો અને Open Button ને Click કરો. હવે Browse Button ની બાજુમાં Upload Button પર Click કરો, હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આ જ રીતે Signature પણ Upload કરવાની રહેશે.

- હવે પેજના ઉપરના ભાગમા Confirm Application પર Click કરો અને Application Number તથા Birth Date Type કર્યા બાદ Ok પર Click કરવાથી બે (2) બટન 1:Application Preview 2.Confirm Application દેખાશે. ઉમેદવારે Show Application Preview પર Click કરી પોતાની અરજી જોઈ લેવી.
- અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર Click કરીને સુધારો કરી લેવો. અરજી <u>Confirm</u> કર્યા પહેલાં કોઈપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ <u>અરજી Confirm થઈ ગયા બાદ અરજીમાં કોઈપણ જાતનો સુધારો કરી શકાશે નહી</u>. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm Application પર Click કરવુ. વધુમાં ઉમેદવારે વિગતો ભરતી વખતે જો પોતાના નામ, અટક, જન્મ તારીખ કે કેટેગરી જો કોઈ ભૂલ કરેલ હશે તો પાછળથી માર્કશીટમાં કોઈ સુધારો કરવામાં નહી આવે તેની ઉમેદવારે ખાસ ધ્યાન રાખવું.
- Confirm Application પર Click કરવાથી ઉમેદવારની અરજીનો બોર્ડમાં online સ્વીકાર થઈ જશે. અહીં Confirm Number Generate થશે. જે ત્યારપછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ ઉમેદવારે સાચવવાનો રહેશે. ઉમેદવારે બોર્ડ સાથે કોઈપણ પત્રવ્યવહાર કે રજૂઆત કરતી વખતે પોતાનો આ Confirmation Number દર્શાવવાનો રહેશે.
- આ પરીક્ષાની ફી માત્ર ઓનલાઈન પેમેન્ટ મોડ થી ભરવાની રહેશે.
- ઉમેદવારે ઓનલાઈન પેમેન્ટ ગેટવે દ્વારા ATM CARD/NET BANKING થી પરીક્ષા ફી ભરી શકશે.

સ્થળ:ગાંધીનગર

તારીખ:૧૭/૧૦/૨૦૨૨



અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

<u>નકલ સવિનય જાણ તથા અમલ સારૂ:</u>

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- એસ.આઈ.ઓ.શ્રી, એન.આઈ.સી., ગુજરાત રાજય, ગાંધીનગર.
- મેનેજરશ્રી, બીલડેસ્ક, અમદાવાદ.

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ :</u>

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- શાસનાધિકારીશ્રી, તમામ.

**જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓ/ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની નિમણૂંક કરવા બાબત.**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૧૧૦–૨૨૩–ક
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૨૭–૪–૨૦૧૧

**સંદર્ભ :–**

૧. શિ.વિ.નો તા. ૧૯–૭–૮૯નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૩૮૯–૧૭૨૮–ક
૨. શિ.વિ.નો તા. ૨૭–૪–૯૪નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૩૯૦–ધા.સ.–૨૦૬–ક
૩. શિ.વિ.નો તા. ૧૧–૭–૯૪નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૩૯૦–ધા.સ.–૨૦૬(૧)–ક
૪. શિ.વિ.નો તા. ૧૧–૬–૯૮નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૦૯૬–૩૦૫૦–૧૦૨૭(૯૮)ક
૫. શિ.વિ.નો તા. ૩૧–૮–૯૮નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૩૯૮–સીસી–૨૯૪–ક
૬. શિ.વિ.નો તા. ૨૧–૬–૨૦૦૦નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૦૯૬–૩૦૫૦–ક
૭. શિ.વિ.નો તા. ૧–૧૦–૨૦૦૧નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૦૯૬–ઈએમ–૪૪૨–ક
૮. શિ.વિ.નો તા. ૩–૯–૦૪નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૦૯૬–ઈએમ–૪૪૨–ક
૯. શિ.વિ.નો તા. ૧૮–૯–૦૭નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૦૯૬–૩૦૫૦–ક
૧૦. શિ.વિ.નો તા. ૧૧–૪–૦૮નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૧૦૭–૧૦૧૯–ક
૧૧. શિ.વિ.નો તા. ૧–૬–૦૯નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૧૨૦૦૯–૨૩૯૭૬૦–ક
૧૨. શિ.વિ.નો તા. ૧૫–૪–૧૦નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૧૧૦–૨૨૩–ક
૧૩. શિ.વિ.નો તા. ૨૫–૫–૧૦નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–સીગલફાઈલ ક્રમાંકઃ ૧૧–ક
૧૪. નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજ્યુકેશન નવી દિલ્હીના જાહેરનામા ક્રમાંકઃ ફા.ન.૬૧/૦૩/૨૦/૨૦૧૦ એન.સી.ટી.ઈ.(એન એન્ડ એસ) તા. ૨૩–૮–૧૦

**આમુખ :**

ભારત સરકારે બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર અધિનિયમ–૨૦૦૯ અને ગુજરાત શૈક્ષણિક કાયદા (સુધારા) અધિનિયમ–૨૦૧૦ અન્વયે રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ ધોરણ ૧ થી ૭ ને બદલે હવે પ્રાથમિક શિક્ષણ ધો. ૧ થી ૮ જેમાં ધો. ૧ થી ૫ પ્રાથમિક શિક્ષણ અને ધો. ૬ થી ૮ ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ ગણાશે. તેમ ઠરાવેલ છે.

ઉપર્યુક્ત ફેરફારોના અનુસંધાને પ્રાથમિક શિક્ષણ અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષકની ભરતી માટે સંદર્ભના ક્રમાંકઃ–૧૨ ઉપર દર્શાવેલ તા. ૧૫–૪–૧૦નો ઠરાવ બહાર પાડેલ હતો, જેમાં પ્રાથમિક શિક્ષણ અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષકની ભરતી માટેની લાયકાતો અને ભરતી પધ્ધતિ નકકી કરવામાં આવેલ હતી. તે પછી નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજ્યુકેશન, નવી દિલ્હીના સંદર્ભ–૧૩માં દર્શાવેલ જાહેરનામાથી પ્રાથમિક શિક્ષક અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોની શૈક્ષણિક લાયકાતો નવેસરથી

નક્કી કરવામાં આવેલી છે. તેના અનુસંધાને શિક્ષણ વિભાગના તા. ૧૫-૮-૧૦ના ઠરાવમાં ફેરફાર કરવાની જરુરિયાત ઉપસ્થિત થયેલ છે.

ઉપર્યુકત ફેરફારને કારણે બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર અધિનિયમ-૨૦૦૯ ની કલમ-૧૯ અને ૨૫ નાં શિડ્યુલમાં નિયત થયેલ ધોરણ અને લાયકાતો તથા નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજ્યુકેશન નવી દિલ્હીના જાહેરનામા ક્રમાંકઃ ફા.ન.૬૧/૦૩/૨૦/૨૦૧૦ એન.સી.ટી.ઈ.(એન એન્ડ એસ) તા. ૨૩-૮-૧૦ અન્વયે પ્રાથમિક શિક્ષકોની ભરતી કરવા માટે લઘુત્તમ લાયકાતો નક્કી કરવામાં આવેલ છે. મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ૧૯૪૭ની કલમ-૫૪ અને ૬૩ થી પ્રાપ્ત થયેલ સત્તાની રુએ જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિઓ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓની પ્રાથમિક શાળાઓ અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની ભરતી માટે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબના ધોરણો રાખવાનું સરકાર ઠરાવે છે.

**<u>ઠરાવ :</u>**

## ૧. <u>પ્રાથમિક શિક્ષણના વિદ્યાસહાયક/શિક્ષક :</u>

ધો. ૧ થી ૫ પ્રાથમિક શિક્ષણમાં વિદ્યાસહાયકની ભરતી અને ઉમેદવારોની પસંદગી માટે નીચે મુજબના ધોરણો અનુસરવાના રહેશે.

(અ) **<u>શૈક્ષણિક અને તાલીમી લાયકાત :</u>**
(I) **<u>શૈક્ષણિક લાયકાત :</u>** ઓછામાં ઓછી એચ.એસ.સી.
(II) **<u>તાલીમી લાયકાત :</u>** પી.ટી.સી. અથવા સી.પી.એડ.

(બ) જે તે જિલ્લાની વિદ્યાસહાયકોની કુલ ભરવાપાત્ર થતી જગાના ૯૫ ટકા જગ્યાઓ એચ.એસ.સી./પી.ટી.સી. લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરવાની રહેશે. તે પૈકી ૧૦ ટકા જગ્યાઓ એચ.એસ.સી. (વિજ્ઞાન પ્રવાહ)માં ૪૫ ટકા ગુણ સાથે પાસ થયેલ ઉમેદવારોથી ભરવાની રહેશે, જો વિજ્ઞાન પ્રવાહ સાથે એચ.એસ.સી. થયેલ ઉમેદવારો પુરતી સંખ્યામાં ઉપલબ્ધ ન થાય તો બાકી રહેતી જગ્યાઓ વિજ્ઞાન પ્રવાહ સિવાયના એચ.એસ.સી./પી.ટી.સી.ના ઉમેદવારોથી ભરવાની રહેશે.

જે તે જિલ્લાની વિદ્યાસહાયકોની કુલ ભરવાપાત્ર જગ્યાના ૫ ટકા જગ્યાઓ એચ.એચ.સી./સી.પી.એડ. લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરવાની રહેશે.

(ક)(૧) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજિબીલીટી ટેસ્ટ-ટી.ઈ.ટી.) (પ્રાથમિક શિક્ષક) અરજી કરવાની છેલ્લી તારીખે પાસ કરેલી હોવી જોઈશે. શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજિબીલીટી ટેસ્ટ-ટી.ઈ.ટી.)માં લઘુત્તમ ૬૦ટકા ગુણ મેળવવાના રહેશે.

(૨) આમ છતાં, પસંદગી સમિતિને એમ જણાય કે પુરતી સંખ્યામાં ઉમેદવારો ઉપલબ્ધ થવાની શકયતા નથી તો વિદ્યાસહાયક માટે અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં

જે ઉમેદવારોએ શિક્ષક યોગ્યતા પરીક્ષાનું અરજી પત્રક ભરેલ હશે તેવા ઉમેદવારો ની અરજી સ્વીકારવાની મંજુરી સમિતિ આપી શકશે. આવા ઉમેદવારોએ પોતાનું શિક્ષક યોગ્યતા પરીક્ષાનું પરિણામ પસંદગી સમિતિ નક્કી કરે તે તારીખ સુધીમાં રજુ કરવાનું રહેશે. પરિણામ રજુ કરવાની તારીખ લંબાવવાની સત્તા સમિતિને રહેશે અને સમિતિ આ તારીખ લંબાવી શકશે.

(ડ) <u>**ગુણાંકન પધ્ધતિ :**</u>

ઉપર્યુક્ત શૈક્ષણિક/તાલીમી લાયકાત ધરાવતા અને ટી.ઈ.ટી. માં નિયત કરેલ ૬૦ટકા કે તેથી વધુ ગુણ મેળવેલ ઉમદવારોની પસંદગી યાદી તૈયાર કરવા માટે નીચે મુજબ ગુણભાર (Weightage) આપવામાં આવશે.

(I) <u>**પી.ટી.સી.ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે :**</u>

| | |
|---|---|
| એચ.એસ.સી. માં મેળવેલ ગુણના | ૨૦ ટકા |
| બી.એસ.સી./બી.એ.માં મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| પી.ટી.સી.માં મેળવેલ ગુણના | ૨૫ ટકા |
| ટી.ઈ.ટી.માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |

<u>**નોંધ**</u> :– પી.ટી.સી.ના ગુણ ગણતરી માટે શિ.વિ.ના તા. ૭–૭–૦૮ના ઠરાવ ક્રમાંકઃ જશભ/૧૨૦૮/૨૫૮–ન થી નિયત થયા અનુસાર પી.ટી.સી.ના બીજા વર્ષના પરિણામ પત્રકમાં દર્શાવેલ કુલ લેખિત ૯૦૦ ગુણ વત્તા ૫૦ ગુણ વાર્ષિક પાઠના અને ૫૦ ગુણ ટી.એલ.એમ./કોમ્પ્યુટર પ્રાયોગિક/વાર્ષિક પ્રાયોગિક કાર્યશિક્ષણ એમ કુલ મળી ૧૦૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને આધારે ઉપર્યુક્ત ટકાવારી ગણવાની રહેશે. વધુમાં રાજ્ય સરકાર તરફથી વખતોવખત નક્કી થાય તે મુજબ ગણતરી કરવાની રહેશે.

(II) <u>**સી.પીએડ ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે**</u>

| | |
|---|---|
| એચ.એસ.સી. માં મેળવેલ ગુણના | ૨૦ ટકા |
| બી.એસ.સી./બી.એ.માં મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| સી.પી.એડ.માં મેળવેલ ગુણના | ૨૫ ટકા |
| ટી.ઈ.ટી.માંથી મેળવેલ ગુણના | ૫૦ ટકા |

## ૨. <u>ઉચ્ચ પ્રાથમિક શિક્ષણના વિદ્યાસહાયક/શિક્ષક :</u>

ધો. ૬ થી ૮ ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણ માટે વિદ્યાસહાયકની ભરતી અને ઉમેદવારોની પસંદગી માટે નીચે મુજબના ધોરણો અનુસરવાના રહેશે.

(અ) <u>**ગણિત વિજ્ઞાન શિક્ષક :**</u> નીચે પ્રમાણે ભરતી થયેલ વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષક ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ વિદ્યાસહાયક/શિક્ષક (ગણિત–વિજ્ઞાન) કહેવાશે.

(I) **શૈક્ષણિક અને તાલીમી લાયકાત :**

**શૈક્ષણિક લાયકાત :** બી.એસસી. અને

**તાલીમી લાયકાતઃ** બે વર્ષીય પી.ટી.સી.

<u>**અથવા**</u>

**શૈક્ષણિક લાયકાત :** ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ સાથે બી.એસ.સી. અને
**તાલીમી લાયકાત :** એક વર્ષીય બી.એડ.

<u>**અથવા**</u>

**શૈક્ષણિક લાયકાત :** ધોરણ–૧૨ (એચ.એસ.સી.) વિજ્ઞાન પ્રવાહમાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને
**તાલીમી લાયકાત :** ચાર વર્ષીય બેચલર ઈન એલીમેન્ટરી એજ્યુકેશન (B.El.Ed.)

<u>**અથવા**</u>

**શૈક્ષણિક લાયકાત :** ધોરણ ૧૨ (એચ.એસ.સી.) વિજ્ઞાન પ્રવાહમાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને
**તાલીમી લાયકાત :**ચાર વર્ષીય બી.એસસી. એજ્યુકેશન (BSc. Ed.)

<u>**અથવા**</u>

**શૈક્ષણિક લાયકાત :** ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે બી.એસસી. અને
**તાલીમી લાયકાત:** એક વર્ષીય બી.એડ (સ્પેશીયલ એજ્યુકેશન) અને

(II) (૧) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજિબીલીટી ટેસ્ટ–ટી.ઈ.ટી.ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ– ગણિત/વિજ્ઞાન) અરજી કરવાની છેલ્લી તારીખે પાસ કરેલી હોવી જોઈશે. શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજિબીલીટી ટેસ્ટ–ટી.ઈ.ટી.માં લઘુત્તમ ૬૦ટકા ગુણ મેળવવાના રહેશે.

(૨) આમ છતાં, પસંદગી સમિતિને એમ જણાય કે પુરતી સંખ્યામાં ઉમેદવારો ઉપલબ્ધ થવાની શકયતા નથી તો વિદ્યાસહાયક માટે અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં જે ઉમેદવારોએ શિક્ષક યોગ્યતા પરીક્ષાનું અરજી પત્રક ભરેલ હશે તેવા ઉમેદવારો ની અરજી સ્વીકારવાની મંજુરી સમિતિ આપી શકશે. આવા ઉમેદવારો પોતાનું શિક્ષક યોગ્યતા પરીક્ષાનું પરિણામ પસંદગી સમિતિ નકકી કરે તે તારીખ સુધીમાં રજુ કરવાનું રહેશે. પરિણામ રજુ કરવાની તારીખ લંબાવવાની સત્તા સમિતિને રહેશે. અને સમિતિ આ તારીખ લંબાવી શકશે.

## (III) <u>ગુણાંકન પધ્ધતિ :</u>

ઉપર્યુકત શૈક્ષણિક/તાલીમી લાયકાત ધરાવતા અને ટી.ઈ.ટી. માં નિયત કરેલ ૬૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવેલ ઉમદવારોની પસંદગી યાદી તૈયાર કરવા માટે નીચે મુજબ ગુણભાર (Weightage) આપવામાં આવશે.

| | |
|---|---|
| બી.એસ.સી. માં મેળવેલ ગુણના | ૨૦ ટકા |
| એમ.એસ.સી. માં મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| બી.એડ./પી.ટી.સી. માં મેળવેલ ગુણના | ૨૫ ટકા |
| ટી.ઈ.ટી.માંથી મેળવેલ ગુણના | ૫૦ ટકા |

<u>**અથવા**</u>

ઈન્ટીગ્રેટેડ બી.એડ.ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે નીચે મુજબ ગુણાંકન પધ્ધતિ અનુસરવાનીરહેશે. (ચાર વર્ષનો અભ્યાસક્રમ)

| | |
|---|---|
| ઈન્ટીગ્રેટેડ બી.એસસી.બીએડ.માંથી મેળવેલ ગુણના | ૪૫ ટકા |
| એમ.એસ.સી. માંથી મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| ટી.ઈ.ટી.માંથી મેળવેલ ગુણના | ૫૦ ટકા |

(બ) **<u>ભાષાઓના વિદ્યાસહાયક/શિક્ષક :</u>**

નીચે પ્રમાણે ભરતી થયેલ વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષક ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ વિદ્યાસહાયક/શિક્ષક (ભાષા) કહેવાશે.

(I) **<u>શૈક્ષણિક અને તાલીમી લાયકાત :</u>**

**શૈક્ષણિક લાયકાત :** બી.એ. (અંગ્રેજી/ગુજરાતી/હિન્દી/સંસ્કૃત)
**તાલીમી લાયકાત** : બે વર્ષીય પી.ટી.સી.

**<u>અથવા</u>**

**શૈક્ષણિક લાયકાત :** ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ સાથે બી.એ. (અંગ્રેજી/ગુજરાતી/હિન્દી/સંસ્કૃત ) અને
**તાલીમી લાયકાત :** એક વર્ષીય બી.એડ.

**<u>અથવા</u>**

**શૈક્ષણિક લાયકાત :** ધોરણ–૧૨ (એચ.એસ.સી.) માં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને
**તાલીમી લાયકાત** : ચાર વર્ષીય બેચલર ઈન ઈલીમેન્ટરી એજયુકેશન (B.El.Ed.)

**<u>અથવા</u>**

**શૈક્ષણિક લાયકાત :** ધોરણ ૧૨ (એચ.એસ.સી.) માં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને
**તાલીમી લાયકાત** : ચાર વર્ષીય બી.એ. (અંગ્રેજી/ગુજરાતી/હિન્દી/સંસ્કૃત) એજયુકેશન (BA..Ed.)

**<u>અથવા</u>**

**શૈક્ષણિક લાયકાત :** ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે બી.એ. (અંગ્રેજી) અને
**તાલીમી લાયકાત** : એક વર્ષીય બી.એડ (સ્પેશીયલ એજયુકેશન)

(II) (૧) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજિબીલીટી ટેસ્ટ–ટી.ઈ.ટી. ભાષાઓ) અરજી કરવાની છેલ્લી તારીખે પાસ કરેલી હોવી જોઈશે. શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજિબીલીટી ટેસ્ટ–ટી.ઈ.ટી.માં લઘુત્તમ ૬૦ ટકા ગુણ મેળવવાના રહેશે.

(૨) આમ છતાં, પસંદગી સમિતિને એમ જણાય કે પુરતી સંખ્યામાં ઉમેદવારો ઉપલબ્ધ થવાની શકયતા નથી તો વિદ્યાસહાયક માટે અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં જે ઉમેદવારોએ શિક્ષક યોગ્યતા પરીક્ષાનું અરજી પત્રક ભરેલ હશે તેવા ઉમેદવારોની અરજી સ્વીકારવાની મંજુરી સમિતિ આપી શકશે. આવા ઉમેદવારો પોતાનું શિક્ષક યોગ્યતા પરીક્ષાનું પરિણામ પસંદગી સમિતિ નકકી કરે તે તારીખ

સુધીમાં રજુ કરવાનું રહેશે. પરિણામ રજુ કરવાની તારીખ લંબાવવાની સત્તા સમિતિને રહેશે. અને સમિતિ આ તારીખ લંબાવી શકશે.

(III) <u>ગુણાંકન :</u>

ઉપર્યુક્ત શૈક્ષણિક/તાલીમી લાયકાત ધરાવતા અને ટી.ઈ.ટી. માં નિયત કરેલ૬૦ટકા કે તેથી વધુ ગુણલઘુત્તમગુણ મેળવેલ ઉમદવારોની પસંદગી યાદી તૈયાર કરવા માટે નીચે મુજબ ગુણભાર (Weightage) આપવામાં આવશે.

બી.એ.(અંગ્રેજી/ગુજરાતી/હિન્દી/સંસ્કૃત) બી.એડ.ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે

| | |
|---|---|
| બી.એ. (અંગ્રેજી/ગુજરાતી/હિન્દી/સંસ્કૃત) માં મેળવેલ ગુણના | ૨૦ ટકા |
| એમ.એ. (અંગ્રેજી/ગુજરાતી/હિન્દી/સંસ્કૃત) માં મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| બી.એડ./પી.ટી.સી માં મેળવેલ ગુણના | ૨૫ ટકા |
| ટી.ઈ.ટી.માંથી મેળવેલ ગુણના | ૫૦ ટકા |

**<u>અથવા</u>**

ઈન્ટીગ્રેટેડ બી.એડ.ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે નીચે મુજબ ગુણાંકન પધ્ધતિ અનુસરવાનીરહેશે.

| | |
|---|---|
| ઈન્ટીગ્રેટેડ બી.એ.બીએડ.માંથી મેળવેલ ગુણના | ૪૫ ટકા |
| એમ.એ. માંથી મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| ટી.ઈ.ટી.માંથી મેળવેલ ગુણના | ૫૦ ટકા |

(ક) **<u>સામાજિક વિજ્ઞાનના વિદ્યાસહાયક/શિક્ષક :</u>**

નીચે પ્રમાણે ભરતી થયેલ વિદ્યાસહાયક ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ વિદ્યાસહાયક/શિક્ષક (સામાજીક વિજ્ઞાન) કહેવાશે.

(I) **<u>શૈક્ષણિક અને તાલીમી લાયકાત :</u>**

**શૈક્ષણિક લાયકાત** : બી.એ./બી.કોમ અને
**તાલીમી લાયકાત** : બે વર્ષીય પી.ટી.સી.

**<u>અથવા</u>**

**શૈક્ષણિક લાયકાત** : ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ સાથે બી.એ./બી.કોમ. અને
**તાલીમી લાયકાત** : એક વર્ષીય બી.એડ.

**<u>અથવા</u>**

**શૈક્ષણિક લાયકાત** : ધોરણ–૧૨ (એચ.એસ.સી.) માં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને
**તાલીમી લાયકાત** : ચાર વર્ષીય બેચલર ઈન એલીમેન્ટરી એજ્યુકેશન (B.El.Ed.)

**<u>અથવા</u>**

**શૈક્ષણિક લાયકાત** : ધોરણ ૧૨ (એચ.એસ.સી.) માં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને
**તાલીમી લાયકાત** : ચાર વર્ષીય બી.એ./બી.કોમ. એજયુકેશન (BA..Ed./B.Com.BEd)

**<u>અથવા</u>**

**શૈક્ષણિક લાયકાત** : ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે બી.એ./બી.કોમ. અને
**તાલીમી લાયકાત** : એક વર્ષીય બી.એડ (સ્પેશીયલ એજયુકેશન)

(II) (૧) આ વર્ગ માટે નિયત થયેલ ઉચ્ચ પ્રાથમિક શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજિબીલીટી ટેસ્ટ–ટી.ઈ.ટી.) અરજી કરવાની છેલ્લી તારીખે પાસ કરેલી હોવી જોઈશે.અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજિબીલીટી ટેસ્ટ–ટી.ઈ.ટી.)માં લઘુત્તમ ૬૦ટકા ગુણ મેળવવાના રહેશે.

(૨) આમ છતાં, પસંદગી સમિતિને એમ જણાય કે પુરતી સંખ્યામાં ઉમેદવારો ઉપલબ્ધ થવાની શકયતા નથી તો વિદ્યાસહાયક માટે અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં જે ઉમેદવારોએ શિક્ષક યોગ્યતા પરીક્ષાનું અરજી પત્રક ભરેલ હશે તેવા ઉમેદવારો ની અરજી સ્વીકારવાની મંજુરી સમિતિ આપી શકશે. આવા ઉમેદવારો પોતાનું શિક્ષક યોગ્યતા પરીક્ષાનું પરિણામ પસંદગી સમિતિ નકકી કરે તે તારીખ સુધીમાં રજુ કરવાનું રહેશે. પરિણામ રજુ કરવાની તારીખ લંબાવવાની સત્તા સમિતિને રહેશે. અને સમિતિ આ તારીખ લંબાવી શકશે.

(III) <u>**ગુણાંકન :**</u>

ઉપરોકત શૈક્ષણિક, તાલીમી લાયકાત ધરાવતા અને ટી.ઈ.ટી. માં નિયત કરેલ ૬૦ટકા કે તેથી વધુ ગુણ મેળવેલ ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવા માટે નીચે મુજબ ગુણભાર આપવામાં આવશે.

| | |
|---|---|
| બી.એ./બી.કોમ. માં મેળવેલ ગુણના | ૨૦ ટકા |
| એમ.એ./એમ.કોમ. માં મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| બી.એડ./પી.ટી.સી. માં મેળવેલ ગુણના | ૨૫ ટકા |
| ટી.ઈ.ટી.માંથી મેળવેલ ગુણના | ૫૦ ટકા |

<u>**અથવા**</u>

ઈન્ટીગ્રેટેડ બી.એડ.ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે નીચે મુજબ ગુણાંકન પધ્ધતિ અનુસરવાની રહેશે.

| | |
|---|---|
| ઈન્ટીગ્રેટેડ બી.એ. બી.એડ./બી.કોમ.બી.એડ.માંથી મેળવેલ ગુણના | ૪૫ ટકા |
| એમ.એ./એમ.કોમમાં મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| ટી.ઈ.ટી.માંથી મેળવેલ ગુણના | ૫૦ ટકા |

નોંધ : પી.ટી.સી.ના ગુણ ગણતરી માટે શિ.વિ.ના તા. ૭–૭–૦૮ના ઠરાવ ક્રમાંકઃ જશભ/૧૨૦૮/૨૫૮–ન થી નિયત થયા અનુસાર પી.ટી.સી.ના બીજા વર્ષના પરિણામ પત્રકમાં દર્શાવેલ કુલ લેખિત ૯૦૦ ગુણ વત્તા ૫૦ ગુણ વાર્ષિક પાઠના અને ૫૦ ગુણ ટી.એલ.એમ./કોમ્પ્યુટર પ્રાયોગિક/વાર્ષિક પ્રાયોગિક કાર્યશિક્ષણ એમ કુલ મળી ૧૦૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને આધારે ઉપરોકત ટકાવારી ગણવાની રહેશે. વધુમાં વખતો વખત રાજય સરકાર તરફથી નકકી થાય તે મુજબ ગણતરી કરવાની રહેશે.

(ક) **<u>અંશકાલિન શિક્ષક :</u>**

પ્રાથમિક શાળાઓ પૈકી જે શાળામાં ઉચ્ચ પ્રાથમિક કક્ષાઓ (ધોરણ ૬ થી ૮)માં બાળકોની સંખ્યા એકસોથી (૧૦૦) વધારે હશે તે શાળાઓમાં કલાશિક્ષણ, આરોગ્ય અને શારિરીક શિક્ષણ તથા કાર્યશિક્ષણ માટે નીચે મુજબની લાયકાત ધરાવતા એક અંશકાલીન શિક્ષકની ભરતી કરવામાં આવશે.

**<u>શૈક્ષણિક લાયકાત :</u>**
**કલા શિક્ષણ :** એ.ટી.ડી.
**આરોગ્ય અને શારિરીક શિક્ષણ :** સી.પી.એડ./બી.પી.એડ./ડી.પી.એડ.
**કાર્યશિક્ષણ :** (સ્થાનિક પરિસ્થિતિને અનુકુળ જેવા કે કાગળકામ, માટીકામ, સુથારીકામ, હસ્ત કલા, વિગેરે– જેમાં બાળકો માટે જોખમરુપ કોઈ કાર્યનો સમાવેશ કરવાનો રહેશે નહી.)

સરકારશ્રી વખતો વખત નક્કી કરે તે પ્રમાણે આ જગ્યાઓ જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ અથવા શાળા કક્ષાએથી ભરવાની રહેશે. ઉચ્ચ પ્રાથમિક કક્ષાઓમાં સંખ્યા ૧૦૦ થી ઓછી થાય ત્યારે જે તે શાળા મારફત શિક્ષકોના સેવાઓ સમાપ્ત કરવાની રહેશે.

(૩) વિદ્યાસહાયકની જગ્યા માટે અરજી કરનાર ઉમેદવારે ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ ગાંધીનગર ધ્વારા લેવાયેલી પી.ટી.સી., સી.પી.એડ. ની પરીક્ષા પાસ કરેલી હોવી જોઈશે.

ઉમેદવારે પાસ કરેલી પી.ટી.સી./સી.પી.એડ. અને ઈન્ટીગ્રેટેડ બી.એડ.ની પરીક્ષા નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજયુકેશન ધ્વારા માન્ય સંસ્થામાંથી જ પાસ કરેલી હોવી જોઈશે. અને સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાની ડીગ્રી યુ.જી.સી. ધ્વારા માન્ય કરેલ યુનિવર્સીટીમાંથી મેળવેલ હોવી જોઈશે.

(૪) જિલ્લામાં પ્રાથમિક શાળાના વિદ્યાસહાયકો/પ્રાથમિક શિક્ષકો અને ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાસહાયકો/પ્રાથમિક શિક્ષકોની મળવાપાત્ર જગ્યાઓ શાળાના વિદ્યાર્થી સંખ્યા/વર્ગની સંખ્યાના આધારે વખતો વખત સરકારશ્રી નક્કી કરે તે પ્રમાણે રહેશે. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયકો/પ્રાથમિક શિક્ષકો અને ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાસહાયકો/પ્રાથમિક શિક્ષકોમાં જે તે વિભાગમાં જેટલી ખાલી જગ્યાઓ પડશે તેટલી જગ્યાઓ જે તે વિભાગ માટે ભરવાની રહેશે. જગ્યાઓ ભરતી વખતે આગામી એક વર્ષમાં ખાલી પડનાર જગ્યાઓનો પણ સમાવેશ કરવાનો રહેશે. વધુમાં ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાસહાયકો/પ્રાથમિક શિક્ષકોની ઉપર દર્શાવેલ ફકરા–૨ (અ),(બ) અને (ક) ની જોગવાઈઓ પ્રમાણે જે કેટેગરીમાં જેટલી જગ્યાઓ ખાલી પડશે તેટલી જગ્યાઓ જે તે કેટેગરી માટે ભરવાની રહેશે.

જે તે જિલ્લા/નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં જે વિષયની જગ્યા ખાલી પડે તે વિષય માટે જે તે જિલ્લા/નગર શિક્ષણ સમિતિની

માગણી મુજબ જે તે વિષયની જગ્યા માટે રાજ્ય કક્ષાની સમિતિએ ઉમેદવારના નામની ભલામણ કરવાની રહેશે.

(૫) જિલ્લા શિક્ષણ સમિતિઓ/નગર શિક્ષણ સમિતિઓએ તેઓના જિલ્લા માટે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના વખતોવખતના પ્રવર્તમાન નિયમોનુસાર લાગુ પડતી અનામતની નિયત ટકાવારી ધ્યાને લઈ જિલ્લા/ન.શિ.સમિતિએ આગામી એક વર્ષમાં ખાલી પડનાર જગ્યાઓ સહિત જાતિવાર જરુરીયાત દર્શાવીને ખાલી પડેલ જગ્યાઓ ભરવા માટે જગ્યાઓની જે તે કેટેગરી મુજબ જરુરીયાત દર્શાવીને જગ્યાઓ ભરવા માટે માંગણી પત્રક ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ, ગાંધીનગરને મોકલી આપવાનું રહેશે.

(૬) (અ) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ૧૯૪૭ની કલમ-૨૩ મુજબ વિદ્યાસહાયકની ભરતી માટે નીચે મુજબની રાજ્ય કક્ષાની ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ રહેશે.

| | | |
|---|---|---|
| ૧. | પ્રાથમિક શિક્ષણ નિયામક– | અધ્યક્ષ |
| ૨. | નાયબ સચિવશ્રી, (પ્રા.શિ.) – | સભ્ય |
| ૩. | નિયામકશ્રી, ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ | સભ્ય |
| ૪. | નાયબ પ્રાથમિક શિક્ષણ નિયામક (પ્રા.શિ.) – | સભ્ય સચિવ |

(બ) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ૧૯૪૭ની કલમ-૨૩-ક અનુસાર વિદ્યાસહાયકની નિમણૂંક માટેની પસંદગી સમિતિ નીચે મુજબ રહેશે. નિમણૂંક માટેની પસંદગી સમિતિમાં ઓછામાં ઓછા બે સભ્યો હાજર હોવા જોઈશે.

– **જિલ્લા શિક્ષણ સમિતિ માટે**

૧. જિલ્લા શિક્ષણ સમિતિના અધ્યક્ષશ્રી
૨. જિલ્લા શિક્ષણાધિકારી
૩. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રિન્સીપાલ
૪. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી–સભ્ય સચિવ

– **મહાનગરપાલિકા/નગરપાલિકાની પ્રાથમિક શિક્ષણ સમિતિ માટે**

૧. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષશ્રી
૨. જિલ્લા શિક્ષણાધિકારી
૩. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રિન્સીપાલ
૪. શાસનાધિકારી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ–સભ્ય સચિવ

(૭) ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિએ જિલ્લા/નગર શિક્ષણ સમિતિ ધ્વારા મળેલ માંગણી પત્રકને સંકલિત કરી બહોળી પ્રસિધ્ધિ ધરાવતા વર્તમાન પત્રોમાં સંયુકત જાહેરાત આપીને ઉમેદવારો પાસેથી નિયત ફોર્મમાં અરજીઓ મંગાવવાની રહેશે. ઉમેદવારોએ નિયત અરજી ફોર્મ સાથે જાહેરાતમાં ઉલ્લેખ કર્યા મુજબના પ્રમાણપત્રોની પ્રમાણિત ઝેરોક્ષ નકલો બીડવાની રહેશે. ઉમેદવારે નિયત અરજી પત્રક કોઈપણ જિલ્લામાં જિલ્લા/નગર શિક્ષણ સમિતિ ધ્વારા નિયત કરેલ સ્વીકાર કેન્દ્રો ઉપર જમા કરાવવાના રહેશે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રીએ અરજીફોર્મ સ્વીકારતી વખતે અરજી ફોર્મ તથા અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરવાની રહેશે.

રાજયની સમિતિએ નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોની અરજીઓની સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ પ્રસ્તુત ઠરાવથી ઉમેદવારોની પસંદગી માટે નિયત થયેલ ધોરણો લક્ષમાં લઈ મેરીટ પ્રમાણે ઉમેદવારોની યાદી તૈયાર કરી જે તે જિલ્લા/નગર શિક્ષણ સમિતિઓના માંગણી પત્રક મુજબની જિલ્લાવાર ઉમેદવારોની મેરીટ યાદી મોકલી આપવાની રહેશે. જે તે જિલ્લા/નગર શિક્ષણ સમિતિએ તેઓને ફાળવી આપેલ ઉમેદવારોનો અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરવાની રહેશે. શિક્ષકના વ્યવસાયમાં બાધારુપ થાય તેવી કોઈપણ શારીરિક ક્ષતિ જેવી કે અંધાપો, બહેરાશ, તોતડાપણુ, હલનચલનમાં તકલીફ કે કાળા પાટીયા પર લખવા વગેરેમાં તકલીફ ધરાવતો નથી તે બાબતની ચકાસણી માટે રુબરુ મુલાકાતમાં બોલાવી કેમ્પ યોજીને ગુણાનુક્રમ અનુસાર નિમણૂંક હુકમો આપવાના રહેશે.

(૮) ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિએ ઉમેદવારોની પસંદગી યાદીમાં દર્શાવેલી જગ્યાઓની ૨૦ ટકાની મર્યાદામાં કેટેગરી વાઈઝ પ્રતિક્ષા યાદી તૈયાર કરવાની રહેશે. પ્રતિક્ષાયાદી તૈયાર થયા તારીખથી એક વર્ષ અથવા પછીની ભરતી પ્રક્રિયા માટે જાહેરાત અપાય તે તારીખના આગળના દિવસના કચેરી સમય એ બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી અમલમાં રહેશે. આ સમય મર્યાદા પૂર્ણ થતાં તે પ્રતિક્ષા યાદી આપોઆપ રદ થયેલ ગણાશે.

જિલ્લા/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની માંગણી મુજબ કેટેગરી વાઈઝ તૈયાર કરેલ પ્રતિક્ષા યાદીમાંથી ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિએ નીચે (૧) થી (૩) માં દર્શાવેલ સંજોગોમાં ઉમેદવારોના નામોની ભલામણ કરવાની રહેશે.

(I) સ્ટાફની ભરતી માટે કોઈ ઉમેદવાર કે જેઓને મેરીટ પ્રમાણે જિલ્લાની ફાળવણી થાય ત્યારે શિક્ષણ સમિતિએ આપેલ તારીખે (અથવા વધારે આપેલ તારીખ સુધી) સમિતિ સમક્ષ પ્રમાણપત્રની ચકાસણી માટે હાજર ન થાય અથવા નિમણૂંક પત્ર મેળવ્યા પછી નકકી કરે (અથવા અરજીથી વધારેલ) તારીખ સુધી હાજર ન થાય ત્યારે આ પ્રમાણે જિલ્લાઓમાં ખાલી પડતી જગ્યાઓ ઉપર પ્રતિક્ષા યાદી ઉપરના ઉમેદવારોને નિમણૂંક આપવાની રહેશે. બીજા જિલ્લામાં ફાળવાયેલ ઉમેદવારને કોઈ સંજોગોમાં રીસફલીંગ કરી આપવામાં આવશે નહી.

(II) સબંધિત પસંદગી યાદીમાંનો ઉમેદવાર નિયત લાયકાત (શૈક્ષણિક/ઉમર વિષયક/શારીરિક યોગ્યતા/ સક્ષમ સત્તાધિકારીએ જાતિ વિષયક પ્રમાણપત્ર અમાન્ય ઠરાવેલ હોય/અન્ય) ધરાવતા નથી તેવું પુરવાર થતાં તેની નિમણૂંક રદ થવાથી જગ્યા ખાલી પડે/રહે.

(III) સબંધિત પસંદગી યાદીમાંથી નિમણૂંક આપેલ ઉમેદવાર હાજર થયા પછી રાજીનામું આપે તે કારણથી જગ્યા ખાલી પડે.

(૯) જે તે જિલ્લામાં વિદ્યાસહાયકોની કુલ મંજુર થયેલી જગાઓના પ્રમાણમાં અનુસુચિત જાતિ, અનુસુચિત જન જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ, તથા શારિરીક ખોડ ખાંપણની કેટેગરી માટે રાજય સરકારે સીધી ભરતી માટે નકકી કરેલ અનામતની નિયત ટકાવારી મુજબ નિમણૂંક કરવાની રહેશે. તથા સામાન્ય વહીવટ વિભાગના વખતો વખતના ઠરાવ અન્વયે માજી સૈનિકો માટે જગ્યાઓ અનામત રાખવાની રહેશે.

(૧૦) સા.વ.વિ.ના તા. ૯–૪–૯૭ના જાહેરનામા ક્રમાંકઃ જીએસ/૯૭/૧૩/સીઆરઆર/ ૧૦૯૬/૨૨૧૨/ગ–૨ તથા વખતોવખતના જાહેરનામા/ઠરાવ મુજબ મહિલાઓ માટે જે તે કેટેગરીમાં ૩૦ ટકા જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે અનામત રાખવાની રહેશે.

(૧૧) સરકાર ધ્વારા વખતો વખત પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત આપવામાં આવેલ સુચના અને શરતોને આધીન રહીને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીશ્રીએ નિમણૂંક આપવાની રહેશે.

(૧૨) વિદ્યાસહાયકોને પ્રતિમાસ રૂા. ૪૫૦૦/– અથવા સરકારશ્રી વખતોવખત નકકી કરે તે પ્રમાણેનું ઉચ્ચક માનદ વેતન આપવાનું રહેશે.

(૧૩) વિદ્યાસહાયકની નોકરી માટે લઘુત્તમ વય મર્યાદા ૧૮ વર્ષની રહેશે અને મહત્તમ વય મર્યાદા -- ૨૮ વર્ષની રહેશે.

(૧૪) વિદ્યાસહાયક તરીકે નિમાયેલ ઉમેદવારની સેવાઓ પાંચ વર્ષ દરમ્યાન સંતોષકારક જણાય તો પાંચ વર્ષ પૂર્ણ કરેથી જિલ્લા/મહાનગરપાલિકા/ નગરપાલિકાની પ્રાથમિક શિક્ષણ સમિતિના મહેકમમાં પ્રાથમિક શિક્ષકના નિયમિત પગાર ધોરણ રૂા. ૫૨૦૦--૨૦૨૦૦ માં ક્રમાનુસાર સમાવવાના રહેશે. સરકારશ્રીના ધારાધોરણ મુજબ વખતો વખતના ઠરાવથી નકકી કરે તે મુજબ સંતોષકારક સેવાઓ નહી જણાય તો પાંચ વર્ષ પહેલા પણ વિદ્યાસહાયકની સેવાઓ સમાપ્ત કરી શકાશે.

(૧૫) જે તે જિલ્લા/નગર શિક્ષણ સમિતિમાં જે તે માધ્યમની શાળાઓમાં ખાલી થતી/ઉભી થતી જગ્યાઓમાં તેજ માધ્યમની શિક્ષક યોગ્યતા પરીક્ષા નિયત કરેલ ટકા સાથે પાસ કરવાની રહેશે.

(૧૬) સંદર્ભમાં દર્શાવેલ ક્રમ ૧ થી ૧૨ સામે દર્શાવેલા શિક્ષણ વિભાગના જુદા જુદા ઠરાવ આથી રદ કરવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.બી.ગરાસિયા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ
ગાંધીનગર

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/માન. સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવલાયના તમામ વિભાગો, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ. } નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ. } નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગર પાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત } નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા. ગાંધીનગર.
- માહિતી નિયામાક, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.(ઓન લાઈન મુકવા સારું)
- શિક્ષણ વિભાગની સર્વે શખાઓ.
- સિલેકટ ફાઈલ.

**ગુજરાત સરકાર**
**શિક્ષણ વિભાગ**
**ઠરાવ ક્રમાંક :પીઆરઈ–૧૧૧૧–૭૧૧–ક**
**સચિવાલય, ગાંધીનગર,**
**તા. ૨૭–૪–૨૦૧૧**

<u>વંચાણમાં લીધા</u> : –

(૧) The Right of Children to Free and Compulsory Education Act, 2009
(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પીઆરઆઈ –૧૧૧૦--૨૨૩–ક, તા.૧૫–૪–૨૦૧૦
(૩) NCTE, New Delhi, ના તા.૩૧–૮–૨૦૧૦ ના પત્ર ક્રમાંક/ડી.ઓ.નં. ૬૧–૩/૨૦૧૦/ એન.સી.ટી.ઈ(એન એન્ડ એસ)એ–૨૩૨૨૪.
(૪) **રાષ્ટ્રીય શિક્ષક પ્રશિક્ષણ પરિષદ** ( National Council for Teacher ducation), **નવી દિલ્હીના પત્રક્રમાંક** : 76-4 / 2010 / NCTE / Acad.A 31224, Dated 14th February, 2011

<u>**ઠ રા વ**</u> :

**પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોની નિમણૂંક અંગે આમુખ –૨ માં દર્શાવેલ ઠરાવથી નિતિનિયમો અને માપદંડો અમલમાં છે. શિક્ષક યોગ્યતા** (Teacher Eligibility) **અને શિક્ષક પસંદગીનાં રાષ્ટ્રીય ધોરણો અને માપદંડો** Sub-section (1) of Section -23 of RTE Act, 2009 **અને** RTE Act Clause (n) of Section – 2 **માં દર્શાવ્યા મુજબ સ્વીકારવામાં આવતાં હવે રાજય સરકારને પ્રાથમિક શિક્ષકોની ભરતી માટે ' શિક્ષક યોગ્યતા કસોટી '** ( *Teacher Eligibility Test* : TET ) **લેવાનું સર્વસ્વીકૃત બને છે.**

**રાષ્ટ્રીય શિક્ષક પ્રશિક્ષણ પરિષદ, નવી દિલ્હી સૂચિત માર્ગદર્શક બાબતો અને** RTE Act, 2009 **ને ધ્યાને લેતાં આ પ્રકારની શિક્ષક યોગ્યતા કસોટીના આયોજન, સુચારૂ સંચાલન અને અમલીકરણની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી માટે નીચે મુજબના નિયમો ઠરાવવામાં આવે છે. પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટીનું આયોજન રાજય પરીક્ષા બોર્ડ,**

ગાંધીનગર દ્વારા કરવામાં આવશે. પ્રાથમિક શિક્ષક ભરતીમાં આ કસોટીના માનાંકો અને ધોરણો પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા કરવામાં આવશે.

**(૧) ઉમેદવારની યોગ્યતા :**

પ્રાથમિક શિક્ષક / વિદ્યાસહાયક અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષક / વિદ્યાસહાયક માટે સરકાર દ્વારા તા.૨૭–૪–૨૦૧૧ના ઠરાવથી નકકી કરેલ અને તેમાં વખતોવખત થતા સુધારાવધારા સાથેની શૈક્ષણિક એક તાલીમી લાયકાત ધરાવનાર ઉમેદવાર જ આ પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટીમાં ઉપસ્થિત થઈ શકશે.

**(૨) શિક્ષક યોગ્યતા કસોટી રચનાનું માળખું અને વિષયવસ્તુ :**

(1) શિક્ષક યોગ્યતા અંગેની તમામ કસોટીઓ બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી સ્વરૂપની ( Multiple Choice Question Based - MCQs) રહેશે. દરેક પ્રશ્ન એક ગુણનો રહેશે. દરેક પ્રશ્નના ઉત્તરમાં ચાર વિકલ્પ આપેલા હશે, તેમાંથી સાચો વિકલ્પ પસંદ કરવાનો રહેશે. પરીક્ષાની પધ્ધતિ રાજય પરીક્ષા બોર્ડ નકકી કરશે.

(II) આ કસોટીઓના મૂલ્યાંકનમાં કોઈ નકારાત્મક મૂલ્યાંકન ( Negative Marking) રહેશે નહીં. સંપૂર્ણ ગોપનીયતા પ્રશ્નપત્રોની રચના સાથે જે તે વિષયની લાયકાત અને અનુભવ ધરાવતા ઉત્તમ તજજ્ઞો દ્વારા રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર ધ્વારા કરવાની રહેશે. તે માટેના અલાયદા નિતિનિયમો અને સૂચનાઓ તથા માર્ગદર્શક બાબતો અંગેની સાહિત્ય સામગ્રી અને જાહેરનામું રાજય પરીક્ષા બોર્ડ ધ્વારા તૈયાર કરાવી પ્રચાર પ્રસાર કરશે.

(III) **પરીક્ષા ફી :** રાજય પરીક્ષા બોર્ડ વખતો વખત નકકી કરે તે પ્રમાણે પરીક્ષા ફી રહેશે.

(IV) **શિક્ષક યોગ્યતા કસોટી / પરીક્ષા :**

ગુજરાત રાજયમાં આવેલ કોઈપણ પ્રાથમિક શાળા(ધોરણ–૧ થી ૮)માં શિક્ષક થવા માટે નીચે પ્રમાણેની જુદી–૨ પરીક્ષાઓ લેવાશે.

**(અ) પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી–I (ધોરણ–૧ થી ૫)** ( Elementary *Teacher Eligibility Test* –I )

પ્રાથમિક શાળામાં પ્રાથમિક શિક્ષણ (ધોરણ– ૧ થી ૫)માં શિક્ષક / વિદ્યાસહાયક થવા આ પરીક્ષા આપી પાસ કરવાની રહેશે.

(I) વિવિધ હેતુલક્ષી કુલ ૧૫૦ પ્રશ્નો રહેશે અને તેનો સમય સળંગ–૯૦ મિનિટનો રહેશે.

(II) તમામ વિભાગો અને તેના તમામ પ્રશ્નો ફરજિયાત રહેશે.

(III) તમામ વિભાગોનું એક જ પેપર રહેશે.

- વિભાગ – ૧ : બાળવિકાસ અને શિક્ષણના સિધ્ધાંતો ( Child Development & Pedagogy ) : ૩૦ બહુહેતુક પ્રશ્નો : દરેકનો એક ગુણ : કુલ ગુણ – ૩૦

-- જેમાં Reasoning Ability, Logical Ability, Teacher Aptitude, Data Interpretation જેવી બાબતો પણ સમાવવામાં આવશે.

– બાળવિકાસ અને શિક્ષણના સિધ્ધાંતોનો વિભાગ ૬ થી ૧૧ વયજૂથનાં બાળકો માટેના અધ્યયન–અધ્યાપનના શૈક્ષણિક મનોવિજ્ઞાન આધારિત રહેશે. ઉમેદવારની વૈચારિક દોહન પ્રક્રિયાનું મૂલ્યાંકન થાય, વિદ્યાર્થી સાથેની સબળ આંતરક્રિયા અંગેની તેની સંકલ્પનાઓ જાણી શકાય, , બાળકેન્દ્રી અધ્યાપન માટેની વિષયસજજતા કેવી છે તેનું સુચારૂ મૂલ્યાંકન થાય તેવા વ્યવહારૂ પ્રશ્નો (Applied Questions) અંગેની વિચારપ્રેરક વિષયસામગ્રી કસોટીમાં પૂછવામાં આવશે.

- વિભાગ – ૨ અને ૩ : ભાષા ૧ અને ૨ ( ગુજરાતી અને અંગ્રેજી) : ૩૦– ૩૦ પ્રશ્નો : દરેકનો એક ગુણ : કુલ ગુણ – ૬૦

– ભાષાકીય સજજતા અને વિદ્યાર્થીઓ સાથેના વર્ગવ્યવહાર અને આંતરક્રિયાને લગતી સજજતાનું મૂલ્યાંકન – ભાષા–૧ ( ગુજરાતી) માં થશે. જયારે ભાષા – ૨ (અંગ્રેજી)માં ભાષાનાં મૂળભૂત તત્વો, પ્રત્યાયન અને સારઅર્થગ્રહણની ક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવશે.

- વિભાગ – ૪ : ગણિત : ૩૦ પ્રશ્નો : દરેકનો એક ગુણ : કુલ ગુણ – ૩૦

– વિષયની સંકલ્પના સ્પષ્ટીકરણ અંગેની બાબતો અને Problem Solving Abilities (સમસ્યાઉકેલ સંબંધી ક્ષમતા) તથા વિષયના પધ્ધતિશાસ્ત્ર અને વિષયવસ્તુનું વ્યવહારિક પ્રશ્નો દ્વારા મૂલ્યાંકન થશે.

• વિભાગ – ૫ : પર્યાવરણ, સામાજિક વિજ્ઞાન, સામાન્ય જ્ઞાન, વર્તમાન પ્રવાહોની જાણકારી : ૩૦ પ્રશ્નો : દરેકનો એક ગુણ : કુલ ગુણ – ૩૦

• આમ આ કસોટી માટે ધોરણ ૧ થી ૫ નો અભ્યાસક્રમ ધ્યાને લેવો, પરંતુ તેનું કઠિનતામૂલ્ય અને સંબંધ માધ્યમિક શિક્ષણ ( ધોરણ ૬ થી ૮) સાથેનું હોય તે જરૂરી છે.

**<u>(બ) પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી / પરીક્ષા</u>–II_ ( ધોરણ ૬ થી ૮)** ( Elementary *Teacher Eligibility Test* -II )

પ્રાથમિક શાળામાં ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ (ધોરણ–૬ થી ૮)માં શિક્ષક થવા ઉમેદવારે આ પરીક્ષા/કસૌટી પાસ કરવાની રહેશે.

(I) આ કસૌટીમાં બે વિભાગ રહેશે. વિભાગ–૧ અને વિભાગ–૨.

(II) વિભાગ–૧ દરેક ઉમેદવારે પાસ કરવાનો રહેશે.

(III) વિભાગ–૨ ત્રણ વિષય શિક્ષકો માટે જુદા જુદા રહેશે. વિભાગ--૨ (ગણિત, વિજ્ઞાન)ની કસોટી ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં ગણિત, વિજ્ઞાનના શિક્ષક થવા, વિભાગ--૨ (ભાષા)ની કસોટી ભાષાના શિક્ષક થવા અને વિભાગ--૨ (સામજીક વિજ્ઞાન)ની કસોટી સામાજીક વિજ્ઞાનના શિક્ષક થવા પાસ કરવાની રહેશે.

(IV) દરેક વિભાગમાં ૭૫ – ૭૫ પ્રશ્નો રહેશે અને બંને વિભાગોનો સળંગ સમય ૧૨૦ મિનિટ રહેશે.

(V) વિભાગ – ૧ : કુલ ૭૫ પ્રશ્નો રહેશે.

(1) બાળવિકાસ અને શિક્ષણના સિધ્ધાંતો ( Child Development & Pedagogy ) : ૨૫

પ્રશ્નો : દરેકનો એક ગુણ : કુલ ગુણ – ૨૫

-- જેમાં Reasoning Ability, Logical Ability, Teacher Aptitude, Data Interpretation જેવી બાબતો પણ સમાવવામાં આવશે.

-- બાળવિકાસ અને શિક્ષણાના સિધ્ધાંતોનો વિભાગ ૧૧ થી ૧૪ વયજૂથનાં બાળકો માટેના અધ્યયન–અધ્યાપનના શૈક્ષણિક મનોવિજ્ઞાન આધારિત રહેશે. ઉમેદવારની વૈચારિક દોહન પ્રક્રિયાનું મૂલ્યાંકન થાય, વિધ્યાર્થી સાથેની સબળ આંતરક્રિયા અંગેની તેની સંકલ્પનાઓ જાણી શકાય, , બાળકેન્દ્રી અધ્યાપન માટેની વિષયસજજતા કેવી છે

તેનું સુચારૂ મૂલ્યાંકન થાય તેવા વ્યવહારૂ પ્રશ્નો (Applied Questions) અંગેની વિચારપ્રેરક વિષયસામગ્રી કસોટીમાં પૂછવામાં આવશે.

(2) ભાષા ( ગુજરાતી અને અંગ્રેજી) : ૨૫ પ્રશ્નો : દરેકનો એક ગુણ : કુલ ગુણ – ૨૫

– ભાષાકીય સજ્જતા અને વિદ્યાર્થીઓ સાથેના વર્ગવ્યવહાર અને આંતરક્રિયાને લગતી સજ્જતાનું મૂલ્યાંકન ગુજરાતીમાં થશે. જયારે અંગ્રેજીમાં ભાષાનાં મૂળભૂત તત્વો, પ્રત્યાયન અને સારઅર્થગ્રહણની ક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવશે.

(3) સામાન્ય જ્ઞાન, વર્તમાન પ્રવાહોની જાણકારી : ૨૫ પ્રશ્નો : દરેકનો એક ગુણ : કુલ ગુણ – ૨૫

(VI) વિભાગ – ૨ : કુલ ૭૫ પ્રશ્નો રહેશે.

(1) આ વિભાગમાં નીચેના વિષયો પૈકી જે તે ઉમેદવારે પોતાની લાયકાત મુજબના વિષય રાખવાના રહેશે.

- ગણિત અને વિજ્ઞાન **અથવા**
- ભાષાઓ ( અંગ્રેજી : ૪૦ ગુણ, ગુજરાતી : ૨૦ ગુણ, હિંદી અને સંસ્કૃત : ૧૫ ગુણ) **અથવા**
- સામાજિક વિજ્ઞાન ( ઈતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, વગેરે)

(2) ગણિત વિષયમાં સંકલ્પના સ્પષ્ટીકરણ અંગેની બાબતો અને Problem Solving Abilities ( સમસ્યાઉકેલ સંબંધી ક્ષમતા) તથા વિષયના પધ્ધતિશાસ્ત્ર અને વિષયવસ્તુનું વ્યવહારિક પ્રશ્નો દ્વારા મૂલ્યાંકન થશે. વિજ્ઞાન જેવા વિષયમાં વ્યવહારિક વિજ્ઞાન ( Applied Science) , રોજબરોજના અનુભવો સાથેનું વિજ્ઞાન, સ્વાનુભવો, અવલોકન અને નિરીક્ષણો, વગેરે ધ્યાને રાખી મૂલ્યાંકન થશે.

(3) સંકલિત ભાષાઓના પેપરમાં દરેક વિષયની ભાષાસજ્જતા, સંભાષણ અને વિદ્યાર્થીઓ સાથેના વર્ગવ્યવહાર અને આંતરક્રિયાને લગતી સજ્જતાનું મૂલ્યાંકન તથા ભાષાનાં મૂળભૂત તત્વો, પ્રત્યાયન અને સારઅર્થગ્રહણની ક્ષમતાનું મૂલ્યાંકન થશે.

(4) સામાજિક વિજ્ઞાનમાં દેશ–પ્રદેશની ભૂગોળ/ઈતિહાસ દેશની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ, સામાજીક મૂલ્યો જેવી બાબાતોને આવરી લેવાશે.

(5) આમ આ કસોટી માટે ધોરણ ૬ થી ૮ નો અભ્યાસક્રમ ધ્યાને લેવાશે. પરંતુ તેનું કઠિનતામૂલ્ય અને સંબંધ ઉચ્ચ માધ્યમિક શિક્ષણ સાથેનો હોય તે જરૂરી છે.

**(૩) શિક્ષક યોગ્યતા કસોટીમાં પસંદગી પામવાનાં ધોરણો :**

(અ) પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી ધોરણ ૧ થી ૫ માટેના ઉમેદવારે વિભાગ ૧ થી ૫ માં કુલ ૬૦ ટકા ગુણ મેળવેલા હશે, તે ઉમેદવારે શિક્ષક યોગ્યતા કસોટી (TET) પાસ કરી છે તેમ ગણાશે.

(બ) ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ ધોરણ ૬ થી ૮ માટેના ઉમેદવારો વિભાગ -- ૧ અને વિભાગ – ૨ માં દરેકમાં ઓછામાં ઓછા ૫૦ ટકા અને બંને મળી ઓછામાં ઓછા ૬૦ ટકા મેળવેલ હશે તો જ પાસ ગણાશે.

(ક) અનુસૂચિત જાતી / અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત અને વિકલાંગ ઉમેદવારના કિસ્સામાં શિક્ષક યોગ્યતા કસોટી ૫૫ ટકા ગુણ મેળવી ઉત્તિર્ણ કરવાની રહેશે.

**(૪)** આ પરીક્ષા પાસ કરવાનું સરકારી : સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ દ્વારા સંચાલિત શાળાઓ : જિલ્લા પંચાયત અને નગર શિક્ષણ સમિતિ ), બિનઅનુદાનિત અને અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓના શિક્ષકોની પસંદગી માટે ફરજિયાત રહેશે.

આ પરીક્ષા જરૂરી લાયકાત માટેની છે, તેનાથી શિક્ષક તરીકે પસંદગી તરીકેનો હક મળતો નથી.

**(૫) શિક્ષક યોગ્યતા કસોટીના પ્રમાણપત્રની માન્યતા અવધિ :**

શિક્ષક યોગ્યતા કસોટીના પ્રમાણપત્રની માન્યતા અવધિ પાંચ વર્ષની રહેશે. પરંતુ આ કસોટી આપવા માટે પ્રયત્નોની સંખ્યા નિયત કરવામાં આવતી નથી. ગમે તેટલા પ્રયત્નો આ કસોટી આપવા માટે માન્ય રહેશે. એક વખત શિક્ષક યોગ્યતા કસોટી આપી દીધા પછી કોઈપણ ઉમેદવાર પોતાના ગુણાત્મક સુધારના અને સારા Merit માટે એક કરતાં વધારે વખત પરીક્ષા આપી શકશે, અને તેવી સ્થિતિમાં છેલ્લી કસોટીના ગુણ પસંદગી માટે માન્ય ગણાશે. ઉમેદવાર ઈચ્છે તો પ્રાથમિક શિક્ષક કસોટી અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષક કસોટી બંને આપી શકશે.

(૬) દરેક સફળ ઉમેદવારને ગુણાંકન સાથેનું પ્રમાણપત્ર રાજ્ય પરીક્ષા બોર્ડ ધ્વારા આપવામાં આવશે. જેમાં ઉમેદવારનું નામ અને સરનામું, પરીક્ષા કેન્દ્રનું નામ અને સરનામું તથા કોડનંબર, જન્મતારીખ,પરીક્ષાનો બેઠક નંબર, પ્રયત્નોની સંખ્યા, કસોટી આપ્યાનો માસ અને વર્ષ, દરેક પેપરના નામ સાથે મેળવેલ ગુણ અને ટકા, class level ( પ્રાથમિક કે ઉચ્ચ પ્રાથમિક),વગેરે છાપવાનાં રહેશે. ઉચ્ચ પ્રાથમિક શિક્ષણની યોગ્યતા પરીક્ષામાં સંબંધિત વિષય દર્શાવવાના રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.બી.ગરાસિયા)
નાયબ સચિવ(પ્રાથમિક શિક્ષણ)
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી,(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર.
- નયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.

} નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા. ગાંધીનગર.
- માહિતી નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.

- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.(ઓન લાઈન મુકવા સારું)
- સિલેકટ ફાઈલ. /નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ.

**જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓ/ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની નિમણૂંક કરવા બાબત..**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક,
સચિવાલય,ગાંધીનગર.
તા. ૧૪/૦૭/૨૦૧૧.

**વંચાણે લીધા:-**

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૭-૪-૨૦૧૧નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક.

(૨) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના તા.૧૮-૬-૨૦૧૧ના પત્ર ક્રમાંકઃ પ્રાશિનિ./ નીતિ/ વિ.સ/ ૨૦૧૧/ક/૨૭૩૭.

**સુ ધા રા ઠ રા વ :-**

પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોની નિમણૂંક અંગેના નીતિ નિયમો અને માપદંડો આમુખમાં દર્શાવેલ સંદર્ભ (૧)ના ઠરાવથી નકકી કરવામાં આવેલ છે. સદરહુ ઠરાવમાં પુખ્ત વિચારણા કરી નીચે મુજબ સુધારો કરવા ઠરાવવામાં આવે છે.

## ૧. ફકરા-૨(બ) (i) માં

**શૈક્ષણિક અને તાલીમી લાયકાતના મથાળા નીચે શૈક્ષણિક લાયકાતમાં** જયાં જયાં બી.એ. લખાયેલ છે ત્યાં ત્યાં બી.એ. પછી બી.આર.એસ. ઉમેરવામાં આવે છે.

## ૨. ફકરા-૨ (બ) (iii)માં

**ગુણાંકન** નીચે જયાં જયાં બી.એ. લખાયેલ છે ત્યાં ત્યાં બી.એ. પછી બી.આર.એસ. તથા એમ.એ. લખાયેલ છે તે પછી એમ.આર.એસ. ઉમેરવામાં આવે છે.

## ૩. ફકરા-૨(ક) (i)માં.

**શૈક્ષણિક અને તાલીમી લાયકાતના મથાળા નીચે શૈક્ષણિક લાયકાતમાં** જયાં જયાં બી.એ. લખાયેલ છે ત્યાં ત્યાં બી.એ. પછી બી.આર.એસ.(ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજયશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) તથા બી.કોમ. પછી (અર્થશાસ્ત્ર વિષય સાથે) ઉમેરવામાં આવે છે.

## ૪. ફકરા-૨(ક) (iii)માં

**ગુણાંકન** નીચે જયાં જયાં બી.એ. લખાયેલ છે ત્યાં ત્યાં બી.એ. પછી બી.આર.એસ.(ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજયશાસ્ત્ર તથા અર્થ શાસ્ત્ર) તથા બી.કોમ. પછી (અર્થશાસ્ત્ર) તથા એમ.એ.

લખાયેલ છે તે પછી એમ.આર.એસ.(ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજયશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર) તથા એમ.કોમ. પછી (અર્થશાસ્ત્ર) ઉમેરવામાં આવે છે.

ઉકત સુધારા સિવાય તા.૨૭-૪-૨૦૧૧ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.બી.ગરાસિયા)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર ધ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/ માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી,(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહન ભોજન યોજના સેકટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.

(ઉપરના ચાર: નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત)

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા. ગાંધીનગર.
- માહિતી નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.(ઓન લાઇન મુકવા સારું)
- સિલેકટ ફાઇલ. /નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.

જિલ્લા/નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી માધ્યમ સિવાયની પ્રાથમિક શાળાઓ જેવી કે ઉર્દૂ, મરાઠી, સિન્ધી તેમજ અન્ય માધ્યમમાં વિદ્યાસહાયકની ભરતી કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૧૧૨-સીંગલ ફાઇલ-૭-ક,
સચિવાલય, ગાંધીનગર.
તાઃ ૨૬-૦૪-૨૦૧૨

વંચાણે લીધાઃ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના તા.૧૨-૪-૨૦૧૨ની સીંગલ ફાઇલ પરની દરખાસ્ત.

**<u>પ્રસ્તાવના:</u>**

રાજયમાં તા.૦૧-૦૪-૨૦૧૦થી Right to Education Act, 2009 નો અમલ શરૂ કરવામાં આવેલ છે. તેની જોગવાઇઓ પ્રમાણે ધોરણ-૮ને પ્રાથમિક શિક્ષણ વિભાગમાં તબકકાવાર સામેલ કરવામાં આવે છે અને પ્રાથમિક શિક્ષણને બે તબકકા(a) પ્રાથમિક શિક્ષણ (ધોરણ-૧ થી ૫) અને (b) ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ (ધોરણ-૬ થી ૮)માં વહેંચવામાં આવેલ છે. Right to Education Act, 2009 ની જોગવાઇઓથી મળેલ સત્તાનુસાર NCTE એ પ્રાથમિક શિક્ષણ અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણના શિક્ષકોની લાયકાતો નકકી કરી છે અને શિક્ષક યોગ્યતા પરીક્ષા (TET) પાસ કરી હોવાનું શિક્ષક થવા માટે જરૂરી બનાવ્યું છે. ગુજરાતમાં ગુજરાતી માધ્યમ સિવાય બીજા માધ્યમો જેમ કે, અંગ્રેજી, હિન્દી, ઉર્દૂ, મરાઠી, સિન્ધી, તેલુગુ વગેરે માધ્યમની શાળાઓ છે. આ માધ્યમોના શિક્ષકોની ભરતી માટે પણ TET ફરજિયાત છે. ગુજરાતી સાથે સાથે અંગ્રેજી માધ્યમની શાળાઓ પણ બહોળા પ્રમાણમાં છે, હિન્દીની શાળાઓ પણ ઠીક ઠીક પ્રમાણમાં છે અને હિન્દી રાષ્ટ્રિય ભાષા હોઇ આ ત્રણેય માધ્યમોમાં TET લઇ શકાય છે. નિમ્ન પ્રાથમિક શિક્ષણ ( ધોરણ-૧ થી ૫ )ના શિક્ષક થવા માટે ધોરણ-૧૨ પાસ થવું અને P.T.C.થવું જરૂરી છે. તે જ પ્રમાણે

ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ માટે ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત સ્નાતક કક્ષાની છે. આ બન્ને શૈક્ષણિક લાયકાત (ધોરણ-૧૨ અને સ્નાતક કક્ષા)ની પરીક્ષાઓ ફકત ગુજરાતી, અંગ્રેજી અને હિન્દીમાં જ ગુજરાત રાજયમાં લેવામાં આવે છે. જેથી દરેક ઉમેદવાર આ ત્રણ પૈકી એક માધ્યમ સાથે તો પરિચિત હોય છે. સાથે સાથે જે માધ્યમના શિક્ષક થવું છે અને જો આ માધ્યમ આ ત્રણ ભાષાઓ કરતા જુદી હોય તો તે માધ્યમમાં તે ભણાવી શકે અને તેનું જ્ઞાન હોય તે પણ જરૂરી છે. આ સમગ્ર બાબતોને ધ્યાનમાં લેતા જુદા જુદા માધ્યમો માટે TET કયા કયા માધ્યમમાં લેવી અને બીજા માધ્યમો માટે કેવી જોગવાઈઓ કરવી તે સમગ્ર બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. ઉપરોક્ત વિગતોને ધ્યાને લેતા જુદા જુદા માધ્યમોમાં પ્રાથમિક શિક્ષણ ( ધોરણ-૧ થી ૫) અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ (ધોરણ- ૬ થી ૮)ના શિક્ષક થવા માટે TET માટે સરકાર સઘન વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવે છે.

<u>ઠ રા વ:-</u>

(૧) <u>ગુજરાતી, અંગ્રેજી, હિન્દી માધ્યમની પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક શાળામાં શિક્ષક થવા માટે:-</u>

ગુજરાતી, અંગ્રેજી, હિન્દી માધ્યમની શાળાઓમાં શિક્ષક થવા માટે ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ આ ત્રણે ત્રણ માધ્યમોમાં શિક્ષક યોગ્યતા પરીક્ષા (Teachers Eligibility Test-TET) લેશે અને જે ઉમેદવાર જે માધ્યમની શાળામાં શિક્ષક થવા ઈચ્છા ધરાવતા હશે તે જ માધ્યમની શિક્ષક યોગ્યતા પરીક્ષા (TET) તેઓએ પરીક્ષાના નિયમોનુસાર પાસ કરવાની રહેશે. આ ત્રણે ત્રણ માધ્યમ માટે ફકત ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ દ્વારા યોજવામાં આવતી શિક્ષક યોગ્યતા પરીક્ષા જ ધ્યાને લેવામાં આવશે. કેન્દ્ર સરકારે લીધેલ Central Teachers Eligibility Test કે બીજા કોઇ રાજયમાં લેવામાં આવેલ આ પૈકી કોઇપણ માધ્યમની શિક્ષક યોગ્યતા પરીક્ષા માન્ય ગણાશે નહીં.

(૨) <u>ઉપરોકત ત્રણ માધ્યમ સિવાય બીજા માધ્યમો જેમ કે, ઉર્દૂ, તેલુગુ, મરાઠી જેવા માધ્યમોની શાળાઓમાં શિક્ષક થવા માટેઃ-</u>

ગુજરાતી, અંગ્રેજી, હિન્દી સિવાયની જે પ્રાથમિક શાળાઓ રાજયમાં આવેલી છે તે પ્રાથમિક શાળાઓમાં શિક્ષક થવા માટે ઉમેદવારેઃ-

(A)(i) ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી ગુજરાતી, અંગ્રેજી, હિન્દી માધ્યમની શિક્ષક યોગ્યતા પરીક્ષા પૈકી કોઇપણ એક માધ્યમ લઇને શિક્ષક યોગ્યતા પરીક્ષા પાસ કરવાની રહેશે અને

(ii) જે માધ્યમની શાળામાં શિક્ષક થવા ઇચ્છતા હોય તે માધ્યમની કોઇપણ શાળામાં ધોરણ-૧૦ સુધી ભણેલા હોવા જોઇએ અથવા/અને ધોરણ-૧૧ અને ૧૨માં તે માધ્યમ એક વિષય તરીકે લીધેલ હોવા જોઇએ અથવા P.T.C.ની પરીક્ષા જે તે માધ્યમમાં પાસ કરેલી હોવી જોઇએ.

અથવા

(B) ગુજરાત રાજય સિવાય અન્ય કોઇપણ રાજયમાં લેવાયેલ શિક્ષક યોગ્યતા પરીક્ષા અથવા CBSE બોર્ડ દ્વારા લેવામાં આવતી કેન્દ્રીય શિક્ષક યોગ્યતા પરીક્ષા ( Central Teachers Eligibility Test) જે તે માધ્યમમાં શિક્ષક યોગ્યતા પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ.

દા.તઃ કોઇ ઉમેદવારને ઉર્દૂ માધ્યમની શાળામાં પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષક થવું હોય તો તેઓએ ગુજરાતમાં લેવાતી ગુજરાતી, અંગ્રેજી અથવા હિન્દી માધ્યમની TET પાસ કરવી પડશે અને ધોરણ-૧૦ સુધી ઉર્દૂ માધ્યમની શાળામાં અભ્યાસ કરેલો હોવો જોઇશે અથવા ધોરણ-૧૧ અને ૧૨માં એક વિષય તરીકે લીધેલ હોવો જોઇએ. ગુજરાતની આ ત્રણેય માધ્યમોની શિક્ષક યોગ્યતા પરીક્ષા પાસ ના કરી હોય તો ઉર્દૂ માધ્યમમાં બીજા કોઇપણ રાજયમાં શિક્ષક યોગ્યતા પરીક્ષા લેવાતી હોય તો તે અથવા કેન્દ્રીય શિક્ષક યોગ્યતા પરીક્ષા (Central Teachers Eligibility Test) ઉર્દૂ માધ્યમમાં પાસ કરેલી હોવી જોઇએ.

શિક્ષક થવા માટે તા.૨૭-૪-૨૦૧૧ના ઠરાવ અને તેમાં થયેલ વખતોવખત સુધારા પ્રમાણેની લાયકાતો અને શિક્ષક યોગ્યતા પરીક્ષાના નિયમો યથાવત રહેશે, જે ઉમેદવારે સંતોષતા હોવા જોઈએ.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.બી.ગરાસિયા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(પ્રા.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહન ભોજન યોજના, સેકટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(ઓનલાઇન મૂકવા સારૂ)
- સિલેકટ ફાઇલ/નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ, ક-શાખા.

જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિઓ
હસ્તકની પ્રાથમિક શાળાઓ/ઉચ્ચ પ્રાથમિક
શાળાઓમાં વિદ્યાસહાયકની નિમણૂંક
કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક,
સચિવાલય,ગાંધીનગર.
તા. ૦૩/૦૫/૨૦૧૨.

વંચાણે લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૭-૪-૨૦૧૧નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક.

(૨) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના તા.૧૮-૬-૨૦૧૧ના પત્ર ક્રમાંકઃ પ્રાશિનિ./ નીતિ/ વિ.સ/ ૨૦૧૧/ક/૨૭૩૭.

(૩) શિક્ષણ વિભાગનો તા.૧૪-૭-૨૦૧૧નો સુધારા ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક.

(૪) કુલસચિવશ્રી, ગુજરાત વિદ્યાપીઠના તા.૧-૮-૨૦૧૧ના પત્ર ક્રમાંકઃ૬૭૪/૨૦૧૧-૧૨.

(૫) એન.સી.ટી.નો તા.૧૯/૯/૨૦૧૧નો અંગ્રેજી પત્ર ક્રમાંકઃ- ૬૧-૪/૨૦૧૧/NCTE/N& S A ૪૨૨૫૦

## સુધારા ઠરાવ :-

પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોની નિમણૂંક અંગેના નીતિ નિયમો અને માપદંડો આમુખમાં દર્શાવેલ સંદર્ભ (૧)ના ઠરાવથી અને સંદર્ભ(૩) ના સુધારા ઠરાવથી નકકી કરવામાં આવેલ છે. સદરહુ ઠરાવમાં પુખ્ત વિચારણા કરી નીચે મુજબ સુધારો કરવા ઠરાવવામાં આવે છે.

**૧. ફકરા – ૧(અ)(બ) રદ કરી નીચે મુજબ ઉમેરવું.**

(અ) શૈક્ષણિક અને તાલિમી લાયકાત :

(I) **શૈક્ષણિક લાયકાત :** ઓછામાં ઓછી એચ.એસ.સી.

(II) તાલિમી લાયકાત : પી.ટી.સી.

(બ) જે તે જિલ્લાની વિદ્યાસહાયકોની જગ્યાઓ એચ.એસ.સી./પી.ટી.સી. લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરવાની રહેશે. તે પૈકી ૧૦ ટકા જગ્યાઓ એચ.એસ.સી. (વિજ્ઞાન પ્રવાહ)માં ૪૫ ટકા ગુણ સાથે પાસ થયેલ ઉમેદવારોથી ભરવાની રહેશે, જો વિજ્ઞાન પ્રવાહ સાથે એચ.એસ.સી. થયેલ ઉમેદવારો પુરતી સંખ્યામાં ઉપલબ્ધ ન થાય તો બાકી રહેતી જગ્યાઓ વિજ્ઞાન પ્રવાહ સિવાયના એચ.એસ.સી./પી.ટી.સી.ના ઉમેદવારોથી ભરવાની રહેશે.

**૨. ફકરા – ૧ (ડ)(ii) રદ કરવામાં આવે છે.**

૩. **<u>ફકરા – ૨ (અ)</u>** માં બી.એસ.સી. પછી "ગણિત (Maths), આંકડાશાસ્ત્ર (Statistics), ભૌતિક શાસ્ત્ર (Physics), રસાયણ શાસ્ત્ર (Chemistry), બાયોલોજી (Biology), બોટની (Botony), ઝુઓલોજી (Zoology) અને ભૂસ્તર વિજ્ઞાન (Geology) પૈકી કોઇ પણ એક અથવા વધારે મુખ્ય વિષય સાથે" શબ્દો ઉમેરવામાં આવે છે.

## ૪. <u>ફકરા-૨(બ) (i) માં</u>

શૈક્ષણિક અને તાલીમી લાયકાતના મથાળા નીચે શૈક્ષણિક લાયકાતમાં જયાં જયાં બી.એ., બી.આર.એસ. લખાયેલ છે ત્યાં ત્યાં બી.એ., બી.આર.એસ. પછી બી.એસ.એસસી. ઉમેરવામાં આવે છે.

## ૫. <u>ફકરા-૨ (બ) (iii)માં</u>

ગુણાંકન નીચે જયાં બી.એ., બી.આર.એસ., એમ.એ., એમ.આર.એસ. લખાયેલ છે તે પછી બી.એસ.એસસી. ઉમેરવામાં આવે છે.

## ૬. <u>ફકરા-૨(ક) (i)માં</u>

શૈક્ષણિક અને તાલીમી લાયકાતના મથાળા નીચે શૈક્ષણિક લાયકાતમાં જયાં બી.એ., બી.આર.એસ. (ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજયશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) તથા બી.કોમ. (અર્થશાસ્ત્ર વિષય સાથે) લખાયેલ છે ત્યાં બી.આર.એસ. પછી બી.એસ.એસસી. ઉમેરવામાં આવે છે.

## ૭. <u>ફકરા-૨(ક) (iii)માં</u>

ગુણાંકન નીચે જયાં બી.એ., બી.આર.એસ. (ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજયશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર), બી.કોમ.(અર્થશાસ્ત્ર), એમ.એ, એમ.આર.એસ. (ઇતિહાસ, ભૂગોળ, નાગરિક શાસ્ત્ર, રાજ્ય શાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર) તથા એમ.કોમ. (અર્થશાસ્ત્ર) લખાયેલ છે ત્યાં બી.આર.એસ. પછી બી.એસ.એસસી. ઉમેરવામાં આવે છે.

ઉકત સુધારા સિવાય તા.૨૭-૪-૨૦૧૧ના ઠરાવ અને તા.૧૪-૭-૨૦૧૧ના સુધારા ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(એસ.બી.ગરાસિયા)**
**નાયબ સચિવ,**
**શિક્ષણ વિભાગ**

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર ધ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/ માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી,(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહ્ન ભોજન યોજના સેકટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠય પુસ્તક મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર
- કુલસચિવશ્રી, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.

  } નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા., ગાંધીનગર.
- માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ રાજ્યના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.(ઓન લાઇન મુકવા સારૂં)
- સિલેકટ ફાઇલ. /નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.

**જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓ/ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની નિમણૂંક કરવા બાબત..**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૮/૦૫/૨૦૧૨.

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૭-૪-૨૦૧૧નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક.
(૨) શિક્ષણ વિભાગનો તા.૧૪-૭-૨૦૧૧નો સુધારા ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક.
(૩) શિક્ષણ વિભાગનો તા.૦૩-૦૫-૨૦૧૨નો સુધારા ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક.
(૪) એન.સી.ટી.ઇ.નું તા.૨૩-૮-૨૦૧૧ તથા તા.૨૯-૭-૨૦૧૧નું જાહેરનામું.

<u>આ મુ ખ .-</u>

શિક્ષણ વિભાગના તા.૨૭/૪/૨૦૧૧ના ઠરાવ અન્વયે જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓ/ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની નિમણૂંક સંબંધી લાયકાત નિયત કરવામાં આવેલ છે. આ ઠરાવના ફકરા : ૧ માં પ્રાથમિક શિક્ષણના વિદ્યાસહાયક/શિક્ષકની નિમણૂંક માટેની શૈક્ષણિક/તાલીમી લાયકાત તથા ગુણાંકન અંગે જોગવાઇ કરવામાં આવેલ છે. આ જોગવાઇને નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજ્યુકેશન (N.C.T.E.)ના તા.૨૩/૮/૨૦૧૦ અને તા.૨૯/૭/૨૦૧૧ જાહેરનામાના પરિપ્રેક્ષ્યમાં સુધારો કરવો જરૂરી બનેલ છે, તેથી પુખ્ત વિચારણા બાદ નીચે મુજબનો સુધારો ઠરાવ બહાર પાડવામાં આવે છે.

<u>સુધારા ઠરાવઃ-</u>

(૧) શિક્ષણ વિભાગના તા.૨૭/૪/૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-કનો ફકરા : ૧ રદ કરવામાં આવે છે.

**૨. શિક્ષણ વિભાગના તા.૩-૫-૨૦૧૨ના સુધારા ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-કનો ફકરા-૧(અ) રદ કરીને તેના સ્થાને નીચે મુજબનો ફકરાઃ૧ (અ) ઉમેરવામાં આવે છે.**

૧. **<u>(અ) શૈક્ષણિક અને તાલીમી લાયકાતઃ-</u>**

(i) **<u>શૈક્ષણિક લાયકાતઃ</u>** ઓછામાં ઓછી એચ.એસ.સી. પાસ
(ii) **<u>તાલીમી લાયકાત :</u>** ઉમેદવાર નીચે મુજબની તાલીમી લાયકાત ધરાવતો હોવો જોઇએ.

(ક) બે વર્ષ પી.ટી.સી.

અથવા

(ખ) ચાર વર્ષની એલીમેન્ટરી એજ્યુકેશનની ડીગ્રી (B.El.Ed.)

(ગ) બે વર્ષનો ડીપ્લોમા ઇન એજ્યુકેશન (સ્પેશીયલ એજ્યુકેશન)

**3. શિક્ષણ વિભાગના તા.૩-૫-૨૦૧૨ના સુધારા ઠરાવના ફકરા-૧ (બ) પછી નીચે મુજબનો ફકરા-૧ (ક) તથા ફકરા (ડ) ઉમેરવામાં આવે છે.**

(ક) (૧) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજિબીલીટી ટેસ્ટ – TET) (પ્રાથમિક શિક્ષક) અરજી કરવાની છેલ્લી તારીખે પાસ કરેલી હોવી જોઇશે.

(૨) આમ છતાં, પસંદગી સમિતિને એમ જણાય કે પુરતી સંખ્યામાં ઉમેદવારો ઉપલબ્ધ થવાની શક્યતા નથી તો વિદ્યાસહાયક માટે અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં જે ઉમેદવારોએ શિક્ષક યોગયતા પરીક્ષાનું અરજી પત્રક ભરેલ હશે તેવા ઉમેદવારોની અરજી સ્વીકારવાની મંજૂરી સમિતિ આપી શકશે. આવા ઉમેદવારોએ પોતાનું શિક્ષક યોગ્યતા પરીક્ષાનું પરિણામ પસંદગી સમિતિ નક્કી કરે તે તારીખ સુધીમાં રજૂ કરવાનું રહેશે. પરિણામ રજૂ કરવાની તારીખ લંબાવવાની સત્તા સમિતિને રહેશે અને સમિતિ આ તારીખ લંબાવી શકશે.

(ડ) <u>ગુણાંકન પધ્ધતિ :</u>

ઉપર્યુક્ત શૈક્ષણિક/તાલીમી લાયકાત ધરાવતા અને ટી.ઇ.ટી. પાસ થયેલા ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવા માટે નીચે મુજબ ગુણભાર (Weightage) આપવામાં આવશે.

<u>પી.ટી.સી./B.El.Ed./ડીપ્લોમા ઇન એજ્યુકેશન (સ્પેશીયલ એજ્યુકેશન)ની</u>

<u>લાયકાત ધરાવતા ઉમેદવારો માટે :</u>

| | |
|---|---|
| એચ.એસ.સી.માં મેળવેલ ગુણના | ૨૦ ટકા |
| સ્નાતક કક્ષાએ મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| પી.ટી.સી./B.El.Ed./ડીપ્લોમા ઇન એજ્યુકેશન (સ્પેશીયલ એજ્યુકેશન)માં મેળવેલ ગુણના | ૨૫ ટકા |
| ટી.ઇ.ટી.માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |

<u>નોંધ:</u> પી.ટી.સી.ના ગુણ ગણતરી માટે શિક્ષણ વિભાગના તા.૭/૭/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક: જસભ/૧૨૦૮/૨૫૮-ન થી નિયત થયા અનુસાર પી.ટી.સી.ના બીજા વર્ષના પરિણામ પત્રકમાં દર્શાવેલ કુલ લેખિત ૯૦૦ ગુણ વત્તા ૫૦ ગુણ વાર્ષિક પાઠના અને ૫૦ ગુણ ટી.એલ.એમ./કોમ્પ્યુટર પ્રાયોગિક/વાર્ષિક પ્રાયોગિક કાર્યશિક્ષણ એમ કુલ મળી ૧૦૦૦

ગુણમાંથી મેળવેલ ગુણને આધારે ઉપર્યુક્ત ટકાવારી ગણવાની રહેશે. વધુમાં રાજ્ય સરકાર તરફથી વખતો વખત નક્કી થાય તે મુજબ ગણતરી કરવાની રહેશે.

**૪. શિક્ષણ વિભાગના તા.૨૭-૪-૨૦૧૧ના ઠરાવમાં અપર પ્રાયમરીના કલોઝ (Clause) ફકરાઃ૨ (ડ) પછી નીચે મુજબનો ફકરા-૨ ( A ) ઉમેરવામાં આવે છે.**

**ફકરા – ૨ ( A )**

(i) પી.ટી.સી./બી.એડ/ચાર વર્ષીય B.El.Ed. માટે NCTEએ માન્ય કરેલ સંસ્થામાંથી જ કરેલો હોય તો જ માન્ય ગણાશે અને બે વર્ષીય D.Ed. (સ્પેશીયલ એજ્યુકેશન) અને B.Ed. (સ્પેશીયલ એજ્યુકેશન) Rehabilitation Council of India (RCI) દ્વારા માન્ય અભ્યાસક્રમને જ વિચારણામાં લેવામાં આવશે.

(ii) બે વર્ષીય D.Ed. (Special Education) અને B.Ed. (Special Education)ની તાલીમી લાયકાત ધરાવતા ઉમેદવારો નિમણૂંક પછી NCTE માન્ય કરેલ છ માસમાં પ્રાયમરી શિક્ષણની ખાસ તાલીમ મેળવવાની રહેશે.

૫. ઉકત કરેલ સુધારા સિવાય તા.૧૪-૭-૨૦૧૧, તા.૦૩-૦૫-૨૦૧૨ સુધારા ઠરાવ તથા તા.૨૭-૪-૨૦૧૧ની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.બી. ગરાસિયા)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર
- કમિશનરશ્રી, શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહ્ન ભોજન યોજના, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર

- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સચિવશ્રી, રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત

} નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ રાજ્યના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઓનલાઇન મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ, ક-શાખા

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧૧૧-૭૧૧-ક,
સચિવાલય,ગાંધીનગર.
તા. ૦૬/૦૬/૨૦૧૩
- 6 JUN 2013

**વંચાણે લીધા:-**

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૭-૪-૨૦૧૧નો ઠરાવ ક્રમાંક: પીઆરઇ-૧૧૧૧-૭૧૧-ક
(૨) રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના તા.૧૦-૧૨-૨૦૧૨ના પત્ર ક્રમાંક: રાપબો/TET-HTAT/ ૨૦૧૨/૪૩૭૩-૭૪.
(૩) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના તા.૨-૧-૨૦૧૩ના પત્ર ક્રમાંક: પ્રાશિનિ./ નીતિ/૧૨/ક/૯૫.
(૪) નામ.ગુજરાત હાઇકોર્ટ એસ.સી.એ.નં.૧૧૨૩૪/૨૦૧૨માં આપેલ તા.૧૭/૯/૨૦૧૨નો ચૂકાદો તેમજ સી.એ.નં.૧૩૯૨૯/૨૦૧૨ અને સી.એ.નં.૧૩૯૩૦/૨૦૧૨ ઇન એલ.પી.એ.નં.૧૬૫૦/૨૦૧૨ ઇન એસ.સી.એ.નં.૧૧૨૩૪/૨૦૧૨

**સુધારા ઠરાવ :-**

૧. શિક્ષણ વિભાગના તા.૨૭-૪-૨૦૧૧ના સંદર્ભ(૧)માં દર્શાવેલા ઠરાવનો હાલનાં ફકરા ક્રમાંક:૨(iv)બ(vi)(1) સંદર્ભ-(૨) માં દર્શાવેલ રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના તા.૧૦-૧૨-૨૦૧૨ ના પત્રથી થયેલ દરખાસ્ત લક્ષમાં લઇ નીચે મુજબ સુધારવામાં આવે છે.

(1) આ વિભાગમાં નીચેના વિષયો પૈકી જે તે ઉમેદવારે પોતાની લાયકાત મુજબના વિષય રાખવાના રહેશે.

- ગણિત અને વિજ્ઞાન **અથવા**
- ભાષાઓ (અંગ્રેજી ૨૦ ગુણ, ગુજરાતી:૨૦ ગુણ, હિંદી:૨૦ ગુણ અને સંસ્કૃત:૧૫ ગુણ)
  **અથવા**
- સામાજિક વિજ્ઞાન (ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, વગેરે)

૨. ઉકત ઠરાવનો ફકરો ૩(બ) નીચે મુજબ સુધારવામાં આવે છે.

(બ) ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ ધોરણ ૬ થી ૮ માટેના ઉમેદવારો વિભાગ-૧ અને વિભાગ-૨માં બંને મળી ઓછામાં ઓછા ૬૦ ટકા મેળવેલ હશે તો જ પાસ ગણાશે.

૩. ઉકત ઠરાવનો ફકરો (૫) નીચે મુજબ સુધારવામાં આવે છે.

" શિક્ષક યોગ્યતા કસોટીના પ્રમાણપત્રની માન્યતા અવધિ પાંચ વર્ષની રહેશે. પરંતુ આ કસોટી આપવા માટે પ્રયત્નોની સંખ્યા નિયત કરવામાં આવતી નથી. ગમે તેટલા પ્રયત્નો આ

કસોટી આપવા માટે માન્ય રહેશે. એક વખત શિક્ષક યોગ્યતા કસોટી આપી દીધા પછી કોઇ પણ ઉમેદવાર પોતાની ગુણાત્મક સુધારણા અને સારા મેરીટ માટે એક કરતાં વધુ વખત પરીક્ષા આપી શકશે અને તેવી સ્થિતિમાં ઉમેદવાર શિક્ષકની ભરતી માટે ટેટની પરીક્ષા પાસ કર્યાનું જે પ્રમાણપત્ર રજુ કરશે તે ધ્યાનમાં લેવામાં આવશે. ઉમેદવાર ઇચ્છે તો શિક્ષક યોગ્યતા કસોટી પ્રાથમિક શિક્ષક માટે તેમજ ઉચ્ચ પ્રાથમિક શિક્ષક બન્ને માટે આપી શકશે. "

ઉપર મુજબના સુધારા પૈકી ફકરા (૩)માં દર્શાવેલ સુધારો નામ.ગુજરાત હાઇકોર્ટ ધ્વારા એસ.સી.એ.નં.૧૧૨૩૪/૨૦૧૨માં આપેલ તા.૧૭-૯-૨૦૧૨નો ચુકાદો અને તેની સામે કેટલાક ઉમેદવારોએ કરેલ સી.એ.નં.૧૩૯૨૯/૨૦૧૨ તેમજ સી.એ.નં.૧૩૯૩૦/૨૦૧૨ ઇન એલ.પી.એ.નં.૧૬૫૦/૨૦૧૨ અને ૧૬૫૧/૨૧૦૨ ઇન એસ.સી.એ.નં.૧૧૨૩૪/૨૦૧૨માં કરેલ છે, તેમાનાં નામ.ગુજરાત હાઇકોર્ટના તા.૦૩-૦૫-૨૦૧૩ના ચુકાદાને ધ્યાને લઇ બહાર પાડવામાં આવેલ છે. આ સુધારો આમ છતાં સદરહુ બન્ને એલ.પી.એ.ના આખરી ચુકાદાને આધીન રહેશે તેમ સ્પષ્ટ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અનંત પટેલ)
~~નાયબ સચિવ~~,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર ધ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/ માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી,(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહન ભોજન યોજના સેકટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.

} નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા. ગાંધીનગર.
- માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ રાજ્યના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.(ઓન લાઇન મુકવા સારું)
- સિલેક્ટ ફાઇલ. /નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.

TET (Teacher Eligibility Test) પ્રમાણપત્રની મુદત વધારવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૨૧/સિ.ફા.-૦૭/ક
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૨૨/૧૦/૨૦૨૧

વંચાણે લીધાં:

(૧) શિક્ષણ વિભાગનો તારીખ ૨૭/૦૪/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧૧૧/૭૧૧/ક

(૨) શિક્ષણ વિભાગનો તારીખ ૦૫/૦૬/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧૧૧/૭૧૧/ક

(3) NCTE F.No. NCTE-Reg1011/78/2020-US (Regulation)-HQ/99954-99992 Dt. 09/06/2021

(૪) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની તારીખ ૧૦/૦૬/૨૦૨૧ની TET (Teacher Eligibility Test) પ્રમાણપત્રની મુદત વધારવા અંગે કરેલ દરખાસ્ત.

પ્રસ્તાવના :

આ વિભાગના તારીખ ૨૭/૦૪/૨૦૧૧ ના વંચાણે લીધા ક્રમાંક (૧) હેઠળના ઠરાવથી ગુજરાત રાજ્યની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક/શિક્ષકની ભરતી માટે શિક્ષક યોગ્યતા કસોટી (TET) લેવાનું ઠરાવેલ છે. આ ઠરાવમાં રાજ્યની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક/શિક્ષક તરીકે નિમણૂંક મેળવવા ઇચ્છતાં ઉમેદવારોએ TET-1 (ધોરણ ૧ થી ૫ માટે) અને TET-2 (ધોરણ ૬ થી ૮ માટે) ફરજીયાત પાસ કરવાની રહેશે. તેમજ TET-1 અને TET-2 નું પ્રમાણપત્ર ૫ વર્ષ સુધી માન્ય રહેશે તેવી જોગવાઇ કરવામાં આવેલ હતી.

ત્યારબાદ આ વિભાગના તારીખ ૦૬/૦૬/૨૦૧૩ ના વંચાણે લીધા ક્રમાંક (૨) હેઠળના ઠરાવથી તા. ૨૭/૦૪/૨૦૧૧ના ઠરાવના ફકરા નં. ૫ માં નીચે મુજબ સુધારો કરવામાં આવેલ હતો.

" શિક્ષક યોગ્યતા કસોટીના પ્રમાણપત્રની માન્યતા અવધિ પાંચ વર્ષની રહેશે, પરંતુ આ કસોટી આપવા માટે પ્રયત્નોની સંખ્યા નિયત કરવામાં આવતી નથી. ગમે તેટલા પ્રયત્નો આ કસોટી આપવા માટે માન્ય રહેશે. એક વખત શિક્ષક યોગ્યતા કસોટી આપી દીધા પછી કોઇપણ ઉમેદવાર પોતાની ગુણાત્મક સુધારણા અને સારા મેરીટ માટે એક કરતા વધુ વખત પરીક્ષા આપી શકશે અને તેવી સ્થિતિમાં ઉમેદવાર શિક્ષકની ભરતી માટે ટેટની પરીક્ષા પાસ કર્યાનું જે પ્રમાણપત્ર રજૂ કરશે તે ધ્યાનમાં લેવામાં આવશે. ઉમેદવાર ઇચ્છે તો શિક્ષક યોગ્યતા કસોટી પ્રાથમિક શિક્ષક માટે તેમજ ઉચ્ચ પ્રાથમિક શિક્ષક બંને માટે આપી શકશે."

(પાછળ જુઓ...)

તાજેતરમાં National Council of Teachers Education (NCTE) દ્વારા તારીખ ૦૯/૦૬/૨૦૨૧ ના વંચાણે લીધા ક્રમાંક (૩) હેઠળના પત્રથી શિક્ષક યોગ્યતા કસોટી (TET) ના ક્વોલિફાઇંગ પ્રમાણપત્રની માન્યતા ૭ વર્ષથી વધારી આજીવન કરવામાં આવેલ છે. આ સુધારા અનુસંધાને નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૪) હેઠળના તારીખ ૧૦/૦૬/૨૦૨૧ ના પત્રથી TET (Teacher Eligibility Test) પ્રમાણપત્રની મુદત વધારવા અંગે દરખાસ્ત કરેલ હતી. જે અન્વયે TET (૧ & ૨) ના પ્રમાણપત્રની માન્યતા અવધિમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

પુખ્ત વિચારણાને અંતે, આ વિભાગના તારીખ ૦૬/૦૬/૨૦૧૩ના ઠરાવના ક્રમાંક ૩ થી નક્કી થયેલ જોગવાઇમાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

"શિક્ષક યોગ્યતા કસોટીના પ્રમાણપત્રની માન્યતા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ માં સૂચવ્યા મુજબ શિક્ષક યોગ્યતા કસોટીના નવા નિયમો અમલમાં આવે ત્યાં સુધી રહેશે. આ કસોટી આપવા માટે પ્રયત્નોની સંખ્યા નિયત કરવામાં આવેલ નથી. ગમે તેટલા પ્રયત્નો આ કસોટી આપવા માટે માન્ય રહેશે. એક વખત શિક્ષક યોગ્યતા કસોટી આપી દીધા પછી, પણ કોઇ પણ ઉમેદવાર પોતાની ગુણાત્મક સુધારણા અને સારા મેરીટ માટે એક કરતા વધુ વખત પરીક્ષા આપી શકશે અને તેવી સ્થિતિમાં ઉમેદવાર વિદ્યાસહાયક/શિક્ષકની ભરતીમાં ઉમેદવારી નોંધાવતી વખતે ટેટની પરીક્ષા પાસ કર્યાનું જે પ્રમાણપત્ર રજૂ કરશે તે જ ધ્યાનમાં લેવામાં આવશે. ઉમેદવાર ઇચ્છે તે શિક્ષક યોગ્યતા કસોટી પ્રાથમિક શિક્ષક અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષક બંને માટે આપી શકશે.

જે ઉમેદવારોએ અગાઉ શિક્ષક યોગ્યતા કસોટી TET (૧ & ૨) પાસ કરેલ છે અને તેમના પ્રમાણપત્રમાં આ વિભાગના તારીખ ૨૭/૦૪/૨૦૧૧ અને તારીખ ૦૬/૦૬/૨૦૧૩ના ઠરાવ મુજબ શિક્ષક યોગ્યતા કસોટીના પ્રમાણપત્રની માન્યતા અવધિ ૫ વર્ષની સુધીની રાખેલ છે તેવા ઉમેદવારોના કિસ્સામાં પણ આ ઠરાવની જોગવાઇ સમાન રીતે લાગુ પડશે. જે ઉમેદવારોના પ્રમાણપત્રની પાંચ વર્ષની મુદત પૂર્ણ થઇ ગયેલ હોય તેવા ઉમેદવારોના કિસ્સામાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રમાણપત્ર માન્ય કરવાનું/નવેસરથી પ્રમાણપત્ર ફાળવવાનું રહેશે નહીં."

તા. ૨૭/૦૪/૨૦૧૧ અને તા. ૦૬/૦૬/૨૦૧૩ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તારીખ ૦૮/૧૦/૨૦૨૧ની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે. એચ. હેડબા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

<u>નકલ રવાના</u> :

- માન. મંત્રીશ્રી (શિક્ષણ), માન. મંત્રીશ્રી (શિક્ષણ) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ), માન. રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ,ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- શાસનાધિકારીશ્રી, શહેરી વિસ્તાર, બહુમાળી ભવન, પથિકાશ્રમ પાસે, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર
- સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય (વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.)
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.

**પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની નિમણૂંક માટે શૈક્ષણિક લાયકાતો નક્કી કરવા બાબત - સુધારા ઠરાવ**

**ગુજરાત સરકાર**

**શિક્ષણ વિભાગ**

**સુધારા ઠરાવ : પીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક**

**સચિવાલય, ગાંધીનગર**

**તારીખઃ- ૧૫/૧૦/૨૦૨૨**

વંચાણે લીધા :-

(૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક, તા.૨૭/૦૪/૨૦૧૧.

(૨) શિક્ષણ વિભાગનો સુધારા ઠરાવ : પીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક, તા.૧૪/૦૭/૨૦૧૧.

(૩) શિક્ષણ વિભાગનો સુધારા ઠરાવ : પીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક, તા.૦૩/૦૫/૨૦૧૨.

(૪) શિક્ષણ વિભાગનો સુધારા ઠરાવ : પીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક, તા.૧૮/૦૫/૨૦૧૨.

(૫) નામ.વડી અદાલતના એસ.સી.એ. ૧૦૧૯૯/૨૦૧૧નો તારીખ ૦૨/૧૨/૨૦૧૧નો ચુકાદો

(૬) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણના તા-૦૩/૦૩/૨૦૨૨ના પત્ર ક- પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૨/૧૯૪૪ થી મળેલ દરખાસ્ત.

(૭) ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતીની તા- ૦૨/૦૨/૨૦૨૨ની બેઠકની કાર્યવાહી નોંધ

પ્રસ્તાવના :

શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૧) અને વખતો વખતના સુધારા ઠરાવ સંદર્ભ (૨), (૩) અને (૪) થી જિલ્લા શિક્ષણ સમિતિ નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓ/ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની નિમણૂંક કરવા માટે પ્રાથમિક શિક્ષકોની ભરતી માટેની લઘુત્તમ લાયકાતો નક્કી કરવામાં આવેલ હતી. જેમાં સંદર્ભ-(૫) મુજબના નામ.વડી અદાલતના ચુકાદા મુજબ સામાજિક વિજ્ઞાન વિષયના વિદ્યાસહાયકો માટે બી.એ. સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન કે તત્વજ્ઞાનના મુખ્ય વિષય સાથે ઉત્તિર્ણ કરેલ હોય તેવા ઉમેદવારોની લાયકાતને માન્ય ગણવા અને ગણિત-વિજ્ઞાન વિષયના વિદ્યાસહાયકો માટે બી.એસ.સી.ની સ્નાતકની પદવીમાં પણ કોઈપણ મુખ્ય વિષય સાથે પાસ કરેલ હોય અને આવા અરજદારોએ ટેટ-૨ ની પરીક્ષા ઉત્તિર્ણ કરેલ હોય તો તેમની લાયકાતો એન.સી.ટી.ઈ.ના નોર્મ્સ મુજબ માન્ય ગણવા અને નિમણૂંક આપવા નિર્દેશ કરેલ હતો. જે અન્વયે સંદર્ભ ક્રમાંક (૬) મુજબની નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે, નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણના વંચાણે લીધેલ ક્રમાંક-(૬)ના પત્ર મુજબની દરખાસ્ત તથા ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતીની તારીખ ૦૨/૦૨/૨૦૨૨ ની બેઠકની કાર્યવાહી નોંધ (સંદર્ભ-૭) ધ્યાને લઇ સંદર્ભિત ક્રમાંક (૧) થી (૪) ની મૂળ જોગવાઇમાં નીચે મુજબ સુધારા ઠરાવ આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

| સંદર્ભ | મૂળ જોગવાઈ | સુધારો |
|---|---|---|
| તા. ૨૭/૪/૨૦૧૧ તથા અન્ય સુધારા ઠરાવના ફકરા ૨(અ) (I), અને ફકરા ૨(ક) (I) | **ફકરા ૨(અ) (I)** બી.એસ.સી. પછી ગણિત, આંકડાશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, બાયોલોજી અને ભૂસ્તર વિજ્ઞાન પૈકી કોઈપણ એક અથવા વધારે મુખ્ય વિષય સાથે | બી.એસ.સી.-કોઈ પણ મુખ્ય વિષય સાથે |
| | **ફકરા ૨ (ક) (I)** બી.એ./બી.આર.એસ./ બી.એસ.એસ.સી. (ઈતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) અને બી.કોમ(અર્થશાસ્ત્ર) એમ.એ., એમ.આર.એસ. (ઈતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર) તથા એમ.કોમ (અર્થશાસ્ત્ર) | બી.એ./બી.આર.એસ./બી.એસ.એસ.સી. (ઈતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન જેવા વિષય સાથે) અને બી.કોમ (અર્થશાસ્ત્ર) એમ.એ., એમ.આર.એસ. (ઈતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન જેવા વિષય સાથે) તથા એમ.કોમ (અર્થશાસ્ત્ર) |

શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી (૪)ના ઠરાવોની અન્ય વિગતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જયશ્રી દેવાંગન

(જયશ્રી દેવાંગન)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક-૧૨, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર ૨૧, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજય, ગાંધીનગર
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ } નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગર પાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત } નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.(ઓન લાઇન મુકવા સારું)
- સચિવશ્રી (આ.બા.)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારી-૨૦૨૨
- સિલેક્ટ ફાઈલ-૨૦૨૨